" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "

રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue - 99 | AD - 2026, Paush Vad - 08 | Sunday, Dt.11-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions






## કચ્છ અને સૌરાષ્ટ્ર

## 11 અને 12 જાન્યુઆરી, 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- સિરામિક્સ
- MSMEs
- એન્જિનિયરિંગ
- સ્ટાર્ટઅપ્સ
- મિનરલ્સ
- પેટ્રોકેમિકલ્સ
- મત્સ્યોદ્યોગ
- ટેક્સ્ટાઇલ
- પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ
- કૌશલ્ય વિકાસ
- પ્રવાસન અને સંસ્કૃતિ
- કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ
- ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ
- મશીનરી અને ઈક્વિપમેન્ટ
- બ્લૂ ઈકોનૉમી

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પેનલ ચર્ચાઓ
- સીઈઓ રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- સ્ટાર્ટઅપ સન્માન સમારોહ
- B2B / B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ
- ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- પ્રાદેશિક MSME કૉન્કલેવ
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- ટ્રેડ શો/પ્રદર્શન
- રિવર્સ બાયર-સેલર મીટિંગ
- ઉદ્યમી મેળો
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- સમાપન સત્ર

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

11 થી 15 જાન્યુઆરી, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

ભવ્ય ઉદઘાટન
માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્ર મોદીના**
વરદ્હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

11 જાન્યુઆરી, 2026, રવિવાર | 12:30 વાગે | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત

"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ભાગીદાર દેશ: Japan, Rwanda, South Korea, Ukraine

લાઈવ પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat vibrantgujarat vibrantgujarat vibrant_gujarat vibrantgujarat

વેબસાઈટ પર પહોંચવા માટે સ્કેન કરો
લૉકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર સંસ્થાઓ: icbc INDO CANADIAN BUSINESS CHAMBER, JETRO, US-INDIA, U.S.-India Business Council, THE WORLD BANK IBRD • IDA | WORLD BANK GROUP, ACMA, IACC INDO-AMERICAN CHAMBER OF COMMERCE, UIBC, kotra Korea Trade-Investment Promotion Agency, FEBI, AMCHAM INDIA

**પ્રધાનમંત્રી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવનાર હોવાથી**

# અમરેલી જિલ્લામાં ૪૦૭ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ તૈનાત

**સોમનાથ ખાતે અમરેલી જિલ્લામાંથી ૨૨૬ પોલીસ કર્મચારીઓ, ૨૦૯ હોમગાર્ડ જવાનો ખડેપગે**

બગસરા,તા.૧૦

સોમનાથ મંદિરના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થતા આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામાં આવશે. પ્રધાનમંત્રી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવતા હોય જેથી પ્રધાનમંત્રી મોદીના આગમનને લઈ અમરેલી જિલ્લા પોલીસને પણ ખડેપગે તૈનાત કરવામાં આવી છે. પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, સોમનાથમાં વડાપ્રધાનના કાર્યક્રમ દરમિયાન આયોજનમાં અમરેલી જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં ભાવનગર રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ૪૦૭ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ખડેપગે હાજર રહેશે. જેમાં તમામ કર્મચારીઓ અમરેલી જિલ્લામાં હાજર રહેશે.



અમરેલી જિલ્લામાં ટ્રાફિક નિયમન માટે ડીવાયએસપી ૦૨, પીઆઈ ૧૨, પીએસઆઈ ૧૪ અને ૩૭૯ પોલીસ કર્મચારીઓ હાજર રહેશે. આ તમામ કર્મચારીઓ જિલ્લાના વિવિધ શહેરો, પીપાવાવ કોસ્ટલ હાઈવે સહિત પર ફરજ બજાવશે. જ્યારે સોમનાથ જવા માટે જિલ્લામાંથી કુલ ૨૨૬ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ રવાના થયા છે. સોમનાથ ખાતે ૦૨ ડીવાયએસપી, ૪ પીઆઈ, ૨૦ પીએસઆઈ અને ૨૦૦ કર્મચારીઓ પ્રધાનમંત્રીના બંદોબસ્તમાં હાજર રહેશે. સોમનાથમાં બંદોબસ્ત માટે ૨૦૯ હોમગાર્ડ જવાનોને પણ મોકલવામાં આવ્યા છે. આમ, પ્રધાનમંત્રીના આગમનને લઈ અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તૈનાત કરવામાં આવતા લોખંડી બંદોબસ્ત ગોઠવાયો છે.

# સાવરકુંડલામાંથી પિયર જવાનું કહીને નીકળેલી પરિણીતા ગુમ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાંથી એક મહિલા ગુમ થયાની ઘટના સામે આવી છે. આ કામના ગુમ થનાર પોતાના ઘરેથી પિતાના ઘરે જવાનું કહીને નીકળ્યા બાદ પરત ન ફરતા પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સાવરકુંડલામાં રહેતા ભુમિબેન નિલેશભાઈ સરેણા (ઉ.વ.૧૯) પોતાના ઘરેથી 'હું મારા બાપુજીના ઘરે જાઉં છું' તેમ કહીને નીકળ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં તેઓ પિતાના ઘરે પહોંચ્યા નહોતા અને પોતાના ઘરે પણ પરત ફર્યા નહોતા. પરિવારજનોએ સગા-સંબંધીઓ અને મિત્ર વર્તુળમાં તમામ સંભવિત સ્થળોએ શોધખોળ કરી હોવા છતાં તેમનો કોઈ પતો લાગ્યો ન હતો. અંતે, પરિવાર દ્વારા આ મામલે સાવરકુંડલા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. પોલીસે ગુમ થયા અંગેની નોંધ કરી આ મહિલાની શોધખોળ હાથ ધરી હતી.

# મિતિયાળામાં નર્મદા સિમેન્ટ દ્વારા 'પ્રોજેક્ટ અન્નપૂર્ણા' અંતર્ગત કિચન ગાર્ડન કીટનું વિતરણ

મિતિયાલા, તા.૧૦

મિતિયાળા ગ્રામ પંચાયત ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્કર્સ તથા મ્રિદા હાર્ટ એન સોઈલ ફાઉન્ડેશનના સહયોગથી 'પ્રોજેક્ટ અન્નપૂર્ણા' અંતર્ગત કિચન ગાર્ડન ઈનપુટ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતો પોતાના ઘરના




તસવીર : બાબુ વાઢેળ

ફળિયા અથવા વાડીમાં ઓર્ગેનિક પદ્ધતિથી શાકભાજીનું ઉત્પાદન કરી શકે અને પરિવારની પોષણ સુરક્ષા મજબૂત બને તે હતો. નર્મદા સિમેન્ટના યુનિટ હેડ રાજેશ આનંદજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બાબરકોટ અને મિતિયાળા ગામના કુલ ૨૦ ખેડૂતોને કિચન ગાર્ડન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં વેજિટેબલ સીડ્સ, વર્મી કમ્પોસ્ટ, નીમ ઓઈલ, મલ્ચિંગ શીટ, પાવડો, કોદાળી, તગારું અને દાતરડું-દાતરડી સહિતની વિવિધ કૃષિ સહાયક સામગ્રીઓ ખેડૂતોને આપવામાં આવી હતી.

# સા.કુંડલાના પીઠવડી ગામે માતાજીના મઢના તાળા તૂટ્યા: ૧.૯૦ લાખના મુદ્દામાલની ચોરી

સા.કુંડલા, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. ગામના જુના વણકર વાસમાં આવેલા મહીડા પરિવારના કુળદેવી પીઠડ માતાના મઢને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમો આશરે રૂ. ૧.૯૦ લાખની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પ્રેમજીભાઈ બેચરભાઈ મહીડા (ઉ.વ.૭૪)એ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.

ચોરીની આ ઘટના ગત તા. ૦૯/૦૧/૨૦૨૬ના રોજ મોડી રાત્રે આશરે ૧:૦૦ વાગ્યાના અરસામાં બની હતી. અજાણ્યા ચોર ઈસમોએ મઢના દરવાજાનું તાળું કોઈ સાધન વડે તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ મઢમાં માતાજીની મૂર્તિ પર લટકાવેલા સોના-ચાંદીના કિંમતી દાગીના તથા નાના-મોટા ચાંદીના છત્તરની ચોરી કરી હતી. આ ઉપરાંત, ચોર ઈસમોએ મઢમાં રાખેલી દાનપેટી અને તેમાં રહેલી રોકડ રકમ સહિત કુલ આશરે રૂ. ૧,૯૦,૫૦૦/- ના મુદ્દામાલ પર હાથ સાફ કર્યો


**આ ચોરીને પગલે મહીડા પરિવાર અને ગ્રામજનોમાં ભારે રોષ, અજાણ્યા ઈસમો સામે ફરિયાદ**

હતો. પવિત્ર ધર્મસ્થાનમાં થયેલી આ ચોરીને પગલે મહીડા પરિવાર અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# રાજુલા-મહુવા રોડ પર રેલવે ફાટક બંધ થઈ જતા વાહનચાલકો ફસાયા

રાજુલા,તા.૧૦

રાજુલા-મહુવા ડુંગર રોડ પર રેલવે ફાટક અચાનક બંધ થઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. એક ગુડ્સ ટ્રેન ફાટક પાસેથી પસાર થઈ રહી હતી તે દરમિયાન ટ્રેનના એન્જિનમાં કરંટ જતો



તસવીર : ગોપાલ રાઠોડ

રહેતા તે ફાટકની વચ્ચે જ અટકી ગઈ હતી. પરિણામે, અંદાજે ૩૦ મિનિટથી વધુ સમય માટે ડુંગરનો મુખ્ય માર્ગ સંપૂર્ણ બંધ થઈ ગયો અને માર્ગની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. શાળા છૂટવાના સમયે આ ઘટના બનતા હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ ફાટક પાસે અટવાયા હતા, જેના

**ટ્રેનના એન્જિનમાં કરંટ જતો રહેવાથી ટ્રેન થંભી ગઇ**

કારણે ભારે હાલાકી જોવા મળી હતી. સ્થાનિક લોકોએ રેલવે તંત્ર પર નિષ્ક્રિયતાના આક્ષેપો કર્યા છે.

# અમરેલી જિલ્લાના જુના ગીરીયા ગામ પાસેથી મોટરસાઈકલ ચોરાયું

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં બાઈક ચોરીની ફરી એકવાર ઘટના બનવા પામી છે. અમરેલીના જુના ગીરીયા ગામ પાસેથી બાઈક ચોરાઈ હતી. અમરેલીમાં રહેતા અબ્બાહસન સાલમ કસીરી (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેણે પોતાનું મોટરસાઈકલ હીરો હોન્ડા સ્પેલેન્ડર પ્રો. રજી. નં.GJ-૧૪-S-૯૨૯૨ રોડની સાઈડમાં પાર્ક કર્યું હતું. ત્યાથી કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.



















# જાફરાબાદના ટીંબી ગામે સોંદરડી ગામના પાટીયા પાસે યુવકને આંતરીને ફટકાર્યો

જાફરાબાદ, તા.૯


જાફરાબાદ પંથકમાં જૂની અદાવતનું મનદુઃખ રાખીને એક યુવક પર બે અલગ-અલગ સ્થળે હુમલો કરી, ગંભીર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. ઘટનાની વિગતમાં મળતી માહિતી મુજબ, આ કામના ફરિયાદીને આજથી બે મહિના પહેલા આરોપી જીણાભાઈ રામભાઈ પરમારની દીકરી પુનીબેન બાબતે આરોપીઓ સાથે ઝઘડો થયો હતો. આ જૂની બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓએ ફરિયાદી પર હુમલો કરવાનું કાવતરું રચ્યું હતું. રોહીસા ગામના જીવાભાઈ નાથાભાઈ વાઘેલા (ઉ.વ.૪૭) એ તેમના ગામના ઉમેશભાઈ જીણાભાઈ પરમાર, ઉમેશભાઈના બનેવી ભરતભાઈ, જીણાભાઈ રામભાઈ પરમાર તથા બાજુબેન જીણાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ જ્યારે જરગલી ગામે પોતાના બહેનના ઘરે જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં ટીંબી ગામે સોંદરડી ગામના પાટિયા પાસે આરોપીઓએ પાછળથી મોટરસાયકલ લઈને આવી તેમને આંતર્યા હતા. ત્યાં આરોપીઓએ ગાળાગાળી કરી, ઢીકાપાટુનો માર મારી ફરિયાદીને મોટરસાયકલ પરથી પાડી દીધા હતા. ત્યારબાદ, તેઓ જ્યારે પરત રોહીસા જઈ રહ્યા હતા, ત્યારે ભાડા ગામે પાણીના ટાંકા પાસે આરોપીઓએ તેમને રોક્યા હતા. આ વખતે આરોપીઓએ લાકડી અને ઢીકાપાટુ વડે હિંસક હુમલો કરી શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી તેમજ જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# અમરેલીના કેરીયાનાગસ ગામે પરિણીતાને ઘરકામ બાબતે મેણાં મારી શારીરિક-માનસિક ત્રાસ અપાયો

અમરેલી, તા. ૧૦

જિલ્લાના કેરીયાનાગસ ગામે એક પરિણીતાને ઘરકામ અને રસોઈ બનાવવા જેવી નજીવી બાબતે ગાળો આપી, શારીરિક અને માનસિક ત્રાસ ગુજાર્યાની ઘટના સામે આવી છે. આ મામલે પરિણીતાએ પાંચ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. હાલ વડીયાના નાજાપુર ગામે રહેતા દક્ષાબેન જયદીપભાઈ મેરીયા (ઉ.વ.૨૪)એ અમરેલીના કેરીયાનાગસ ગામે રહેતા પતિ જયદીપભાઈ નાનજીભાઈ મેરીયા, સસરા નાનજીભાઈ સામતભાઈ મેરીયા, સાસુ લાભુબેન નાનજીભાઈ મેરીયા, જેઠ હરેશભાઈ નાનજીભાઈ મેરીયા, જેઠાણી રેખાબેન હરેશભાઈ મેરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ગત તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સવારે આશરે દસેક વાગ્યે જ્યારે તેઓ અને આરોપીઓ તેમના ઘરે હાજર હતા, ત્યારે આ વિવાદ સર્જાયો હતો. પતિએ ઘરના કામકાજ કરવા તથા રસોઈ બનાવવા બાબતે અચાનક ગાળો દેવાનું શરૂ કર્યું હતું. જ્યારે પરિણીતાએ ગાળો દેવાની ના પાડી અને વિરોધ કર્યો, ત્યારે તમામ પાંચેય આરોપીઓએ એકસંપ થઈને તેની સાથે ઝઘડો કર્યો હતો. આરોપીઓએ ઉશ્કેરાઈને પરિણીતાને કહ્યું હતું કે, "તારે અહીં રહેવાની જરૂર નથી, તું જતી રહે" તેમ કહી અપશબ્દો બોલ્યા હતા. આ મામલે પરિણીતાએ મદદ માટે પોતાના પિતાને બોલાવતા, સસરાએ તેના પિતા સાથે પણ અશોભનીય વર્તન કરી ગાળો આપી હતી. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પરિણીતાને શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપી ગુનો આચર્યા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

# અમરેલી જિલ્લાની કોલેજોમાં એનએસયુઆઈ દ્વારા નશા મુક્તિ અંગે કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લાની મહિલા મોંઘીબા કોલેજ, પોલીટેકનિક કોલેજ અને નેત્ર ચિકિત્સા આયુર્વેદિક કોલેજમાં એન.એસ.યુ.આઈ. દ્વારા ''ડ્રગ્સ મુક્ત કેમ્પસ'' અભિયાન અંતર્ગત નશા મુક્તિ અંગે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.એસ.યુ.આઈ.ની ટીમે વિદ્યાર્થીઓને નશાના દુષ્પરિણામો તેમજ તેની સામાજિક અને શૈક્ષણિક અસરો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપી નશાથી દૂર રહેવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે પૂર્વ પ્રદેશ એન.એસ.યુ.આઈ. પ્રમુખ શરદભાઈ ધાનાણી, જિલ્લા પ્રમુખ આદિત્યસિંહ ગોહિલ અને કોંગ્રેસના આગેવાન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીમાં જનક તળાવીયાની ઉપસ્થિતિમાં તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ




લાઠી, તા.૧૦

લાઠીમાં આજે લાઠી/બાબરા તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં લાઠી વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગના અધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, તાલુકાના નાગરિકોની સમસ્યાઓનું સમયસર અને અસરકારક નિવારણ થાય તે માટે સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક અત્યંત મહત્વની છે. લોકહિતને કેન્દ્રમાં રાખી તમામ વિભાગને પરસ્પર સંકલન સાથે કામગીરી કરવી જોઈએ તેવો તેમણે ભાર મૂક્યો હતો. લાઠી તથા બાબરા તાલુકામાં માર્ગ-મકાન, પીવાનું પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, રેવન્યુ, કૃષિ, સામાજિક ન્યાય, ગ્રામ વિકાસ સહિતના વિવિધ વિભાગોને લગતી ફરિયાદો અને પ્રશ્નો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

# અમરેલીના પાણીયામાં ઝેરી દવા પી જતાં યુવતીનું મોત

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાના પાણીયા ગામે ગેસ અને માથાના દુઃખાવાની તકલીફમાં ભૂલથી 'ઈનો' સમજીને ઉંદર મારવાની ઝેરી દવા પી જવાથી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, પાણીયા ગામે રહેતા સોનલબેન જગદીશભાઈ ડાભીને અચાનક ગેસ અને માથામાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો. દુઃખાવામાં રાહત મેળવવા માટે તેઓ ઘરે રાખેલ 'ઈનો' પીવા ગયા હતા. પરંતુ, કમનસીબે ઈનોના પેકેટની બાજુમાં જ ઉંદર મારવાની ઝેરી દવા પડી હોવાથી, ઉતાવળ કે અંધારામાં ભૂલથી તેમણે આ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી દવાની અસર થતાં જ તેમની હાલત લથડી હતી, જે બાદ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું.




# અમરેલીમાં સ્વ.માધાભાઈ દેસાઈની પુણ્યતિથિએ સેવાકીય કાર્ય કરવામાં આવ્યા





અમરેલી,તા.૧૦

અમરેલીમાં માધાભાઈ દેસાઈની ૧૪મી પુણ્યતિથિના અવસરે ભરતભાઈ દેસાઈ અને તેમના પરિવારજનો દ્વારા એક પ્રેરણાદાયી સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. બહેરા-મૂંગા શાળાના જરૂરિયાતમંદ બાળકોને ભાવભેર ભોજન કરાવીને દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉમદા કાર્ય દ્વારા સમાજને એક પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

# અમરેલીમાં બીજી ગાડીમાં બેસવા જેવી બાબતે પેસેન્જરને મારી નાખવાની ધમકી

અમરેલી, તા.૧૦

અમરેલીમાં પેસેન્જર ભરવા જેવી સામાન્ય બાબતે બે શખ્સોએ ઉશ્કેરાઈ જઈ એક વ્યક્તિને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી હતી. આ અંગે ભોગ બનનાર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગે એઝાદભાઈ મહમદભાઈ કાલવા (ઉ.વ. ૩૮)એ ભયલુભાઈ તથા લાલભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમને હોસ્પિટલના કામ અર્થે અમરેલીથી રાજકોટ જવાનું હતું. આ માટે તેઓ આરોપીની માલિકીની અર્ટિગા ગાડીમાં બેઠા હતા. જોકે, ઘણા સમય સુધી ગાડી ઉપાડી ન હોવાથી, તેઓ તેમાંથી ઉતરીને બાજુમાં ઉભેલી બીજી ઈકો ગાડીમાં બેસી ગયા હતા. પોતાની ગાડીમાંથી ઉતરી બીજી ગાડીમાં બેસવાની બાબતે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપી ઝાપટ મારી દીધી હતી. બંને આરોપીઓએ ફરિયાદીને ડરાવતા કહ્યું હતું કે, તને જાનથી મારી નાખીશ." આમ, બંને શખ્સોએ એકબીજાને મદદગારી કરી, મારપીટ કરી અને ધમકી આપી હોવાનો ગુનો નોંધાયો હતો.

## CHANGE OF NAME

I the undersigned **KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI.** Here by declare that I have change my name **KOLADIA DHARMESH ARVINDBHAI** To **KOLADIA DHARESHKUMAR ARVINDBHAI**. Now onwords I would be know as **KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI**

KOLADIA DHARMESHKUMAR ARVINDBHAI
Address :- 50, Gate No.-2
At. Haripara, Ta- Dhari, Dist- Amreli







# લાઠીમાં વીર હમીરસિંહ સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા આજે વીરાંજલિ કાર્યક્રમ

લાઠી,તા.૧૦

આસ્થા, શક્તિ અને સ્વાભિમાનના ૧૦૦૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ''સોમનાથ સ્વાભિમાન પર્વ'' નિમિત્તે વીર હમીરસિંહજી સ્મૃતિ ટ્રસ્ટ લાઠી દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથની સખાતે ધર્મરક્ષા માટે કેસરિયા કરનાર લાઠીના કુંવર વીર હમીરસિંહજી ગોહિલને ખરા અર્થમાં યાદ કરી, તેમને ફૂલહારથી વીરાંજલિ અર્પણ કરવામાં આવશે. આ પાવન અવસર તાઃ ૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારના રોજ રાત્રે ૯ વાગ્યે



કિર્તિ કોટેઝ, લાઠી ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં ધર્મજાગરણ વિભાગના સંયોજક ભીખુભાઈ અગ્રાવતની વિશેષ ઉપસ્થિતિ રહેશે. ટ્રસ્ટ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને સમયસર ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## નામ બદલાવેલ છે.

આથી હું નીચે સહી કરનાર **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** જાહેર કરુ છુ કે, મે મારૂ જુનુ નામ **કોલડીયા ધર્મેશ અરવિંદભાઈ** થી બદલીને નવું નામ **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** રાખેલ છે. જેથી હવે હું મારા નવા નામ **કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ** થી ઓળખાઈશ.

**કોલડીયા ધર્મેશકુમાર અરવિંદભાઈ**
સરનામું :– ૫૦, ગેઈટ નં.–૨, હરીપરા ધારી
તા. ધારી, જી. અમરેલી

## GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
**10% GST ઘટાડા** સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
**13% GST ઘટાડા** સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

## જાહેર નિવિદા

### શ્રીજી એગ્રો એજન્સી - ટીંબી
### તાલુકો-જાફરાબાદ, જીલ્લો-અમરેલી

અમારી સંસ્થાનું નામ શ્રીજી એગ્રો એજન્સી ટીંબી તાલુકો જાફરાબાદ જીલ્લો અમરેલી ગામ ટીંબી નદીના કાઠે મેઈન રોડ રસાયણ ખાતરનું રિટેલિંગ વેચાણ કરવા માંગે છે. જેનું અમે કૃષિ અને ગ્રામ્ય વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લી. પાસેથી ઓફ ફોર્મ લેવા માંગીએ છીએ તો આ માટે જે વિસ્તારની કોઈ સહકારી સંસ્થા ને વાંધો હોય તો વાંધા અરજી દસ દિવસની અંદર કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા, શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી વાંધા અરજી રજૂ કરવી. જો દિવસ દસની અંદર કોઈપણ પ્રકારની વાંધા અરજી નહી મળે તો કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી દ્વારા આગળની કાર્યવાહી કરી રીટેલ ખાતરના વેચાણ માટેનું સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૧૧/૦૧/૨૦૨૬
અમરેલી.

કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય
કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ
મુ. અમરેલી. જી. અમરેલી.

## અમારા કહ્યામાં નથી



આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે અમો નીચે સહી કરનાર બટુકભાઈ હીરાભાઈ કથીરિયા રે. છોડવડી તા. ભેંસાણ જી. જુનાગઢની મળેલ સુચના અને જાહેર જનતા તેમજ લાગતા - વળગતા સર્વેને આ નોટીસ આપી જણાવીએ છીએ કે અમોના પુત્ર કથીરિયા દિવ્યેશ બટુકભાઈ ઉપરોક્ત ફોટાવાળા દર્શાવેલ અમારા પુત્ર સ્વતંત્ર મિજાજી અને પોતાની મનસુફી મુજબ જીવે છે. હાલ તેઓ અમારા તથા અમારા પરિવારના કહ્યામાં નથી. અમોના આ પુત્ર સાથે કોઈપણ જાતનો આર્થિક, નાણાકીય કે કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો અમારી તથા અમારા પરિવારની કોઈપણ જાતની જવાબદારી બનશે નહીં અને અમારા આ પુત્ર બાબતના કોઈપણ સાથે કોઈપણ ઈસમોએ કોઈપણ જાતનો આર્થિક કે નાણાકીય કે અન્ય વ્યવહાર કરવો નહીં અને આવો વ્યવહાર કરશે તો તેના જવાબદાર જે તે વ્યવહાર કરનાર રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી. કોઈ ગુન્હાહીત પ્રવૃતિ કરે તો અમારી જવાબદારી રહેશે નહીં. આ જાહેર નોટીસની સખત નોંધ લેવી.

**સહી,**
**બટુકભાઈ હીરાભાઈ કથીરિયા**
**રે. છોડવડી તા. ભેંસાણ જી. જુનાગઢ**

**૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નિહાળ્યું અંતરિક્ષ વિજ્ઞાન**

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભામાં 'સ્પેસ ઓન વ્હીલ્સ' પ્રદર્શન યોજાયું

અમરેલી, તા.૧૦



અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલના પટાંગણમાં વિદ્યાર્થીઓને અંતરિક્ષ વિજ્ઞાનની સમજ આપવા માટે 'સ્પેસ ઓન વ્હીલ્સ' મોબાઈલ મ્યુઝિયમ બસ દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. મોબાઈલ મ્યુઝિયમમાં ઉપગ્રહો, લોંચીંગ વ્હીકલ, ગ્રહો, ચંદ્રયાન, મંગળયાન, સૂર્યમંડળ, અવકાશયાનની કાર્યપ્રણાલી અને અવકાશ ક્ષેત્રે ભારતે હાંસલ કરેલી સિદ્ધિઓ અંગે વિગતવાર માહિતી અને મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા જેનાથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે જિજ્ઞાસા વધી હતી. કાર્યક્રમમાં ઈસરોમાંથી જગદેવભાઈ ઠાકોર, મયંતાબેન રામી, ભાવેશભાઈ સોલંકી, મહેશભાઈ દેસાઈ, જયસુખભાઈ વેગડ તથા વિજ્ઞાન ગુર્જરીના પ્રોફેસર યતીનભાઈ તેરૈયા અને ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટીના રાજેશભાઈ વાસદડીયા, યોગેન્દ્રભાઈ પટેલ, હર્ષભાઈ રાજગોર ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, કોલેજ નિયામક ગીરીશભાઈ ભીમાણી, લોકવિજ્ઞાન ડાયરેક્ટર નિલેષભાઈ પાઠક અને સંયોજક પંકજભાઈ મહેતા દ્વારા પુષ્પગુચ્છ અને ખેસથી કરવામાં આવ્યું હતું.

**ઇસરો, ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી અને ગેડાના સહયોગથી યોજાયેલા મોબાઈલ મ્યુઝિયમમાં ચંદ્રયાન, મંગળયાન અને ઉપગ્રહોના મોડેલ્સ રજૂ કરાયા**

# સાવરકુંડલાની પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકી

સાવરકુંડલા,તા. ૧૦

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાને તેના સાસરી પક્ષના સભ્યો દ્વારા નાની-નાની બાબતે પજવણી કરી, ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હોવાની ઘટના સામે આવી હતી. આ મામલે પીડિત પરિણીતાએ સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી હતી. સફીનાબેન રફીકભાઈ બેલીમ (ઉ.વ.૨૦)એ ભાવનગરમાં વડવા નેરા વરતેજીયાફળી આંબલી નીચે રહેતા પતિ મુસ્તુફા ઉર્ફે બિલાલ મહમદભાઈ સૈયદ તથા જેતુનબેન મહમદભાઈ સૈયદ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પરિણીતાને તેના સાસરી પક્ષના લોકો દ્વારા અવારનવાર ઘરકામ જેવી બાબતોમાં મેણા-ટોણા મારીને પરેશાન કરવામાં આવતી હતી. આરોપીઓએ એકસંપ થઈને પરિણીતાને અપશબ્દો બોલી, ગાળો આપી તેમજ અસહ્ય શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો હતો. પરિણીતાએ વધુમાં જણાવ્યું હતું કે, સાસરિયાઓએ તેને ઘરમાંથી પણ હાંકી કાઢી હતી. આ સમગ્ર મામલે આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો આચર્યો હોવાથી, પરિણીતાની ફરિયાદના આધારે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ભાવનગરના ચિત્રામાં રહેતી લાઠીની પરિણીતાને સાસરિયાએ ત્રાસ આપ્યો

લાઠી,તા.૧૦

મૂળ લાઠીની અને હાલ ભાવનગરના ચિત્રા વિસ્તારમાં સાસરી ધરાવતી પરિણીતા આશાબેન કૌશિકભાઈ મકવાણા (ઉ.વ.૩૦)એ પતિ કૌશિકભાઈ ભરતભાઈ મકવાણા, ભરતભાઈ મુળજીભાઈ મકવાણા, ગીતાબેન ભરતભાઈ મકવાણા, ચિરાગભાઈ ભરતભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, લગ્નજીવન દરમિયાન તેના પતિ, સાસુ-સસરા અને દિયર દ્વારા તેને અવારનવાર હેરાન કરવામાં આવતી હતી. સાસરિયાઓ દ્વારા ઓછો કરિયાવર લાવવા બાબતે અને ઘરકામમાં નાની-નાની બાબતોમાં મેણા-ટોણા મારી માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. સાસરિયાઓ દ્વારા તેને ગાળો આપી ઢોરમાર પણ મારવામાં આવતો હતો. છેલ્લા ઘણા સમયથી પરિણીતા પિયરમાં હોવા છતાં, સાસરિયાઓ તેને તેડવા આવ્યા ન હતા. આખરે સાસરિયાઓના અસહ્ય ત્રાસથી કંટાળીને પરિણીતાએ ન્યાય મેળવવા માટે પોલીસના દ્વાર ખટખટાવ્યા છે.

# લીલીયાના ગુંદરણ ગામે સમસ્ત કોળી અને ઠાકોર સમાજની મિટિંગ યોજાઈ

લીલીયા,તા.૧૦



લીલીયા તાલુકાના ગુંદરણ ગામે સમસ્ત કોળી અને ઠાકોર સમાજની મહત્વની મિટિંગ યોજાઈ હતી. મિટિંગનું આયોજન યુવા આગેવાન અલ્પેશભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મિટિંગનો મુખ્ય ઉદ્દેશ સંગઠનને મજબૂત બનાવવું, શૈક્ષણિક રીતે સદ્ધરતા લાવવી અને અંધશ્રદ્ધા નાબૂદી પર ભાર મૂકવાનો હતો. સમાજ સાથે થતા અન્યાય સામે લડત આપવા માટે તૈયારી દર્શાવવામાં આવી હતી. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં તાલુકામાં બહુમતી હોવા છતાં સમાજને યોગ્ય સ્થાન ન મળતાં, કોળી-ઠાકોર સમાજ એક થઈને પોતાનો હક મેળવવા લડત આપશે. સરકારી નોકરી માટે યુવાનોને માર્ગદર્શન આપવાની વાત પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ સહિત વિવિધ સંગઠનો અને રાજકીય હોદ્દા પરના નવનિયુક્ત આગેવાનોનું સન્માન અને સ્નેહમિલન યોજાયું હતું. મોટી સંખ્યામાં સમાજના યુવાનો અને આગેવાનો હાજર રહ્યા હતા.

# બગસરાના કે.જી. ધાણક વિદ્યામંદિરમાં 'ઉડાન ફર્સ્ટ-૨૦૨૬' કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૦

બગસરાના શ્રીમતી કે.જી. ધાણક વિદ્યામંદિરમાં તાજેતરમાં 'ઉડાન ફર્સ્ટ ૨૦૨૬: અંતરિક્ષમાં એક સફર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સોલાર સિસ્ટમ અને રોબોટિક્સ વિશે જ્ઞાન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓને ડેમોન્સ્ટ્રેશન દ્વારા સોલાર સિસ્ટમની કાર્યપ્રણાલી અને રોબોટિક્સના મૂળભૂત સિદ્ધાંતો સમજાવવામાં આવ્યા હતા.

# સાવરકુંડલામાં મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની કરાઈ ઉજવણી

સાવરકુંડલા,તા.૧૦



સોમનાથ મહાદેવ મંદિરના અખંડ સ્વાભિમાન અને આસ્થાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે સાવરકુંડલામાં ભારતીય જનતા પાર્ટી પરિવાર દ્વારા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. સાવરકુંડલાના રિદ્ધિ-સિદ્ધિ નાથ મહાદેવ મંદિર ખાતે શિવ પ્રસન્નાર્થે ભવ્ય 'લઘુરુદ્ર યજ્ઞ' તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. વહેલી સવારથી જ શિવાલયમાં ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે લઘુરુદ્ર યજ્ઞની વિધિ શરૂ કરવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ દિવ્ય બન્યું હતું. ત્યારબાદ ધારાસભ્ય મહેશભાઈ, પાલિકા પ્રમુખ મેહુલભાઈ અને શહેર પ્રમુખ અનિરુદ્ધસિંહની આગેવાનીમાં મહાદેવની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી.

# રાજુલાના હિંડોરણામાં જુગારધામ પર પોલીસનો દરોડો: પાંચ શકુની ઝડપાયા

રાજુલા, તા.૧૦

અમરેલી જિલ્લામાં જુગારની બદી સામે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત રાજુલાના હિંડોરણા ગામમાં પોલીસે સફળ રેઈડ પાડી હતી. હિંડોરણા ગામે જાહેરમાં નસીબ અજમાવતા પાંચ શખ્સોને પોલીસે મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજુલા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે હિંડોરણા ગામે અજુનાથ માધુનાથ માંગરોળીયાના મકાન પાસે આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો એકઠા થઈ જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર અચાનક દરોડો પાડતા પાંચ ઈસમો અનિલનાથ ન્યાલનાથ માંગરોળીયા, રવિનાથ ભુપતનાથ માંગરોળીયા, મહેશનાથ બાબુનાથ પરમાર, અનિલનાથ સુનિલનાથ બાંભણીયા તથા રાયધનનાથ ઝવેરનાથ પરમાર જાહેરમાં ગોળ કુંડાળું વળી, ગંજીપતાના પાના અને પૈસા વડે હાર-જીતનો જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી જુદા-જુદા દરની ચલણી નોટો મળી કુલ રૂ. ૧૧,૪૦૦ રોકડા તથા ૫૨ નંગ ગંજીપતાના પાના જપ્ત કરવામાં આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૧૧,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી પાંચેય શખ્સો સામે જુગારધારાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૫ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૭૨ |
| જુવાર સફેદ | ૮૬૦ | ૧૦૧૮ |
| જુવાર પીળી | ૩૨૫ | ૪૬૦ |
| બાજરી | ૩૨૮ | ૪૦૦ |
| તુવેર | ૯૫૦ | ૧૪૬૬ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૨૧ |
| ચણા સફેદ | ૧૨૧૧ | ૨૦૫૨ |
| અડદ | ૮૯૦ | ૧૫૫૫ |
| મગ | ૧૧૫૦ | ૧૮૭૬ |
| વાલ દેશી | ૬૯૫ | ૧૧૪૦ |
| ચોળી | ૯૦૦ | ૧૩૦૦ |
| મઠ | ૧૦૪૦ | ૨૦૩૮ |
| વટાણા | ૪૫૦ | ૧૩૮૬ |
| કળથી | ૩૫૧ | ૪૨૩ |
| રાજમા | ૩૫૦ | ૧૪૦૦ |
| તલી | ૧૭૦૦ | ૨૨૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૭૩૮ |
| સુવા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| સોયાબીન | ૮૫૧ | ૯૭૪ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૭૮૦ |
| લસણ | ૧૦૭૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૪૨૦ | ૧૯૮૦ |
| મરચા સુકા | ૨૬૦૦ | ૪૪૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૨૦૦૦ |
| વરીયાળી | ૧૨૩૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૧૯૦ |
| રાય | ૧૬૦૦ | ૧૭૭૫ |
| મેથી | ૭૫૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૬૦૦ | ૨૪૪૦ |
| કલોંજી | ૪૨૩૦ | ૪૭૨૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૧૬ | ૫૨૯ |
| પપૈયા | ૯૧ | ૧૩૧ |
| બટેટા | ૧૦૬ | ૩૨૬ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૬૦ |
| ટમેટા | ૫૨૪ | ૭૧૧ |
| સુરણ | ૬૮૫ | ૭૯૮ |
| કોથમરી | ૧૧૬ | ૨૦૪ |
| મુળા | ૩૧૩ | ૪૨૬ |
| રીંગણા | ૧૮૯ | ૩૮૨ |
| કોબીજ | ૬૪ | ૧૧૧ |
| ફ્લાવર | ૨૦૭ | ૪૧૨ |
| ભીંડો | ૬૪૭ | ૯૯૬ |
| ગુવાર | ૧૧૫૬ | ૧૬૧૭ |
| ચોળાસીંગ | ૬૩૯ | ૯૭૮ |
| વાલોળ | ૩૧૮ | ૫૫૭ |
| ટીંડોરા | ૪૨૨ | ૭૧૯ |
| દુધી | ૨૭૧ | ૪૧૬ |
| કારેલા | ૬૦૩ | ૭૯૨ |
| સરગવો | ૧૦૨૭ | ૧૬૩૭ |
| તુરીયા | ૭૫૬ | ૧૧૦૪ |
| પરવર | ૧૨૫૬ | ૧૬૬૮ |
| કાકડી | ૨૦૭ | ૭૯૧ |
| ગાજર | ૧૫૭ | ૩૨૭ |
| વટાણા | ૩૬૧ | ૪૪૧ |
| તુવેરસીંગ | ૪૪૩ | ૬૯૮ |
| ગલકા | ૭૭૪ | ૯૨૭ |
| બીટ | ૮૧ | ૨૪૩ |
| મેથી | ૧૪૧ | ૨૦૨ |
| વાલ | ૪૫૭ | ૭૧૭ |
| ડુંગળી લીલી | ૨૮૨ | ૩૯૬ |
| આદુ | ૮૯૭ | ૧૦૨૭ |
| ચણા લીલા | ૧૨૭ | ૩૮૦ |
| મરચા લીલા | ૫૮૫ | ૭૭૧ |
| હળદર લીલી | ૪૧૩ | ૬૦૨ |
| લસણ લીલું | ૫૩૭ | ૮૫૬ |
| મકાઇ લીલી | ૨૭૮ | ૩૫૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૧૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૮ |
| મગફળી જીણી | ૧૧૮૧ | ૧૪૭૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૬૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૩૩૬ |
| તલ કાળા | ૨૦૦૧ | ૫૧૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૧૦૧ |
| લસણ સુકું | ૯૦૧ | ૧૭૬૧ |
| અડદ | ૯૦૦ | ૧૫૧૧ |
| મઠ | ૭૭૬ | ૭૭૬ |
| તુવેર | ૮૫૧ | ૧૫૧૧ |
| રાયડો | ૧૩૫૧ | ૧૩૫૧ |
| રાય | ૧૭૨૧ | ૧૭૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૨૯૧ |
| કાંગ | ૪૮૧ | ૬૦૧ |
| મગફળી જાડી | ૧૦૪૧ | ૧૩૯૬ |
| નવા ધાણા | ૧૧૫૧ | ૨૩૨૬ |
| નવી ધાણી | ૧૯૭૬ | ૨૦૦૧ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૯૬૧ |
| મગફળી ૬૬ | ૧૨૦૧ | ૧૬૦૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૧૩૧ |
| ધાણી | ૧૧૦૧ | ૧૯૨૧ |
| ડુંગળી સફેદ | ૧૭૬ | ૩૭૬ |
| જુવાર | ૭૦૧ | ૭૦૧ |
| મગ | ૧૧૭૬ | ૧૯૦૧ |
| ચણા | ૯૫૬ | ૧૧૩૧ |
| વાલ | ૬૭૬ | ૮૩૧ |
| ચોળા / ચોળી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૭૬ | ૯૬૧ |
| કળથી | ૬૫૧ | ૭૫૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૨૩૧ |
| વટાણા | ૨૫૧ | ૯૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૪૦ | ૨૪૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૬૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૧૮૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૪૦ |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| અંબાળા | ૪૦૦ | ૮૦૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૪ |
| તાંજરીયા પુરા | ૩ | ૯ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૪૦ | ૨૬૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૧૫ | ૨૦ |
| ચોરા | ૧૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૨૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શીંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૮૫ |
| શિંગ ૬૬ ન | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ગીરનાર શીંગ | ૧૧૦૦ | ૧૩૯૦ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૪૦૫ |
| શીંગ દાણા | ૧૦૪૦ | ૧૫૨૫ |
| શીંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૪૯૫ |
| તલ સફેદ | ૧૦૩૫ | ૨૨૩૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૬૧૦ |
| બાજરો | ૩૩૦ | ૪૦૫ |
| જુવાર | ૯૦૦ | ૧૦૮૫ |
| ઘઉં બંસી | ૫૧૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૮૦ |
| મકાઈ | ૩૬૫ | ૫૩૦ |
| મગ | ૭૨૦ | ૧૫૫૫ |
| અડદ | ૮૨૦ | ૧૪૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૧૦ |
| ચણા દેશી | ૧૧૪૫ | ૧૧૪૫ |
| સફેદ ચણા | ૮૧૦ | ૧૧૪૫ |
| તુવેર | ૭૧૫ | ૧૩૬૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૬૦૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૧૪૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૬૦ |
| અજમા | ૧૦૨૫ | ૨૪૩૦ |
| મેથી | ૧૦૦૫ | ૧૦૫૫ |
| સોયાબીન | ૬૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાંબા | ૧૨૦૦ | ૪૬૩૦ |
| કાંગ | ૩૦૦ | ૫૨૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૨૦ | ૪૨૦ |
| ફ્લાવર | ૩૬૦ | ૪૧૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૬૧૦ | ૭૧૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૧૦ | ૫૧૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૨૦ | ૮૨૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મૂળા | ૨૧૦ | ૩૧૦ |
| કાકડી | ૩૨૦ | ૫૨૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૬૧૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| વટાણાં | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| આમળા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૬૧૦ | ૯૧૦ |
| હળદર લીલી | ૪૩૦ | ૮૩૦ |
| આદુ | ૧૧૧૦ | ૧૩૧૦ |
| કોથમીર | ૧૬૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૧૭૦ | ૨૨૦ |
| ફોદીનો | ૬૧૦ | ૭૧૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૧૦ | ૬૧૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૪૦૦ |
| મરચાં લાલ | ૮૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૧૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સુકું | ૬૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૪૧૦ | ૫૧૦ |
| લીબુ | ૨૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૫૦ | ૧૬૨૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૫૦ |
| મગફળી | ૧૧૨૬ | ૧૩૭૪ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૧૯૩૦ |
| તલ કાળા | ૩૨૭૦ | ૪૦૫૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૫૫ |
| ચણા | ૯૬૫ | ૧૦૫૫ |
| અડદ | ૯૦૫ | ૧૧૬૫ |
| તુવેર | ૯૩૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૯૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૫૦ | ૧૪૧૪ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૪૨૬ | ૩૪૨૬ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૭ |
| બાજરો | ૩૦૧ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૧૯ |
| જુવાર | ૭૭૦ | ૧૦૬૧ |
| મકાઈ | ૪૬૬ | ૯૦૯ |
| મગ | ૧૦૮૧ | ૨૨૦૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૯૭૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૩૬૦૨ | ૩૬૦૨ |
| સોયાબીન | ૬૫૩ | ૮૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૭ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૩૫૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૧૬૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૧૨ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૬૫ |
| મકાઈ | ૩૫૦ | ૪૧૧ |
| ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૭૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૮૩૦ | ૯૬૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૨૩ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૭૯૦ |
| અડદ | ૧૩૧૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૬૧૦ | ૯૭૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વાલ | ૯૦૦ | ૯૦૦ |
| શિંગ દાણા | ૧૨૩૦ | ૧૩૩૫ |
| લસણ | ૫૦૦ | ૧૧૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૨ |
| એરંડા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૧૫ | ૧૨૫૧ |
| ઘઉં | ૪૯૫ | ૫૧૮ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| અડદ | ૮૬૦ | ૯૫૫ |
| ધાણા | ૧૬૫૦ | ૧૬૯૦ |
| શીંગ દાણા | ૧૧૬૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૦૪૬ | ૧૦૪૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૩ | ૧૬૦૩ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૫૧ |
| જુવાર સફેદ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| મકાઈ | ૪૩૦ | ૫૦૦ |
| બાજરો | ૬૫૦ | ૬૫૦ |
| એરંડા | ૬૦૦ | ૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૩૧ |
| અડદ | ૮૦૧ | ૧૩૨૧ |
| મગફળી | ૭૦૧ | ૧૩૪૫ |
| શિંગફાડા | ૧૧૦૧ | ૧૩૩૬ |
| તલ સફેદ | ૮૦૧ | ૧૭૦૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૦૪૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૪૬ |
| લસણ | ૩૦૧ | ૧૦૧૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૫૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૪૦૧ |
| મગફળી ૩૨ | ૧૦૮૦ | ૧૩૭૧ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૦ | ૬૦૭ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૫૪ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૬૨ |
| જુવાર | ૮૨૫ | ૯૫૨ |
| અડદ | ૭૫૦ | ૧૫૨૮ |
| મગ | ૮૦૦ | ૧૪૩૫ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૬૮૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૮૮ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૫૦ | ૧૩૩૨ |
| શીંગ ૩૯ | ૧૧૩૧ | ૧૨૪૯ |
| શીંગ ગીરનારી | ૧૧૯૦ | ૧૩૪૦ |
| શીંગ જી-૨૦ | ૧૧૭૦ | ૧૩૩૧ |
| જુવાર | ૩૬૪ | ૯૨૨ |
| બાજરી | ૩૭૧ | ૫૯૭ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૧૫ |
| અડદ | ૮૫૧ | ૧૧૯૬ |
| મગ દેશી | ૧૨૦૦ | ૨૪૪૦ |
| સોયાબીન | ૯૯૦ | ૯૯૧ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૩ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૯૨ |
| તલ પુરબીયા | ૨૧૯૩ | ૨૨૧૭ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| લસણ | ૪૪૦ | ૫૫૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૩૮૦ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૪૭૦ |
| કપાસ શંકર | ૫૦૦ | ૧૪૯૭ |
| નાળીયેર | ૪૦ | ૨૪૩૪ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૮૭૦ |
| બાજરો | ૩૦૦ | ૪૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૬ |
| મગ | ૧૩૦૦ | ૧૬૭૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| મેથી | ૮૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| સફેદ ચણા | ૧૧૦૦ | ૧૮૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૨૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| મગફળી ૬૬ન | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી ૯ ન | ૧૧૦૦ | ૧૪૪૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૬૧ |
| તલ | ૧૮૦૦ | ૨૦૫૦ |
| રાયડો | ૯૭૫ | ૧૨૧૦ |
| લસણ | ૯૫૦ | ૧૫૩૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| જીરૂ | ૨૯૭૫ | ૪૧૮૫ |
| અજમો | ૧૫૦૦ | ૩૭૫૦ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૫૪૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| મરચાં | ૧૨૦૦ | ૫૦૦૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૩૨૦ |
| સોયાબીન | ૮૦૦ | ૯૭૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |

# વિશ્વ યુદ્ધસ્ય સંભાવનાસ્ય કથા અપિ રમ્યાઃ

**વિચાર વલોણું**



**જયવંત પંડ્યા**



ચારે તરફ હાકલા-પડકારા થઈ રહ્યા છે. અમેરિકાએ વેનેઝુએલાની અંદર જઈને તેના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ મદુરોને પકડી પોતાના દેશ લઈ જઈ સમગ્ર વિશ્વ પર પોતાનું બાહુબળ સિદ્ધ કર્યું છે. અને સમગ્ર વિશ્વ નિઃશબ્દ, સ્તબ્ધ, અવાક્ અને મૂઢ બની ગયું છે. આ અમેરિકા છે. ઈરાક-કુવૈતના યુદ્ધ સમયે હોય કે અફઘાનિસ્તાન સમયે હોય, ભારતમાં અમેરિકા વિરોધી ડાબેરીઓ અને ઈસ્લામવાદીઓની લોબી સદ્દામ હુસૈન, ઓસામા બિન લાદેન, મદુરો વગેરેથી પ્રસન્ન થતા રહે છે.

પરંતુ અમેરિકાએ વિશ્વભરમાં એવી જાળ બિછાવેલી છે કે તેને તોડવી કોઈ પણ દેશ માટે અઘરી છે. એક તો અમેરિકા સૈન્ય અને આર્થિક રીતે મહાસત્તા છે જ. બીજું, તેની પાસે પરમાણુ શક્તિ છે. ત્રીજું, તેની પાસે નાટો અર્થાત્ ઉત્તર એટલાન્ટિક સંધિ હેઠળ ૩૨ દેશોનું પીઠબળ છે. અમેરિકા પર કોઈ પણ દેશ આક્રમણ કરે તો આ ૩૧ દેશો અમેરિકા સાથે મળીને તે દેશ પર તૂટી પડે. ચોથું, તે ઈરાન હોય કે બાંગ્લાદેશ, પાકિસ્તાન હોય કે સીરિયા, દરેક દેશમાં વિદ્રોહ કરાવીને પ્રતિકૂળ શાસકોને ઉથલાવવાનું સામર્થ્ય ધરાવે છે. તેની પાસે મીડિયા, હૉલિવૂડની ફિલ્મો, ઑસ્કાર-નૉબેલ-મેગ્સેસે-પુલિત્ઝર જેવા પારિતોષિકો, હાર્વર્ડ વિશ્વ વિદ્યાલય, બીજા દેશોમાં સળીઓ કરતી એનજીઓ વગેરેનો સૉફ્ટ પાવર છે.

આની સામે બ્રિક્સ, એસસીઓ, આસિયાન વગેરે અનેક સંગઠનો હોવા છતાં રશિયા, ચીન, ભારત, ઈરાને મૂંગામંતર બનીને તમાશો જોવા સિવાય કંઈ કરવાનું નથી. તેમની વચ્ચે એકતા જ નથી. ઉલટું, તેઓ અંદરોઅંદર બાખડ્યા કરે છે. અમેરિકાએ તેમને અંદરોઅંદર લડતા રાખ્યા છે અને આ દેશોના વડાઓ પણ પોતાના દેશની અંદર પ્રભુતા બતાવવા અમેરિકાના બદલે પડોશી દેશોની સામે આંખના ડોળા બતાવ્યા કરે છે.

દક્ષિણ એશિયા ઉપખંડમાં ભારતને સ્વતંત્રતા આપતી વખતે બ્રિટન એવી મસ્ત ચાલ રમીને ગયું છે કે આજે ભારતના બે નહીં, ત્રણ ટુકડા છે. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ. જતાં-જતાં મુસ્લિમ લીગના રૂપમાં એવું ગુમડું આપીને ગયા કે ભારતના ટુકડા થયા. તે પછી આપણે બાંગ્લાદેશના સમર્થકોને ટેકો આપી બાંગ્લાદેશ સ્વતંત્ર કરાવી ગુમડું ઊભું કર્યું. બ્રિટન અને અમેરિકા જેમ બાંગ્લાદેશમાં આપણે આપણા તરફી શાસકો ઊભા ન કરી શક્યા. શૈખ હસીનાને થોડા અંશે કહી શકાય પરંતુ અમેરિકા જેમ પાકિસ્તાનમાં પોતાનું ધાર્યું કરાવી શકે છે તેવું નહીં.

અત્યારે આ ત્રણેય દેશો- ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ ભેખડે ભરાયા છે. પાકિસ્તાનમાં સેનાધ્યક્ષ મુનીરને રાષ્ટ્રપતિ થવું છે, અથવા પડદા પાછળથી દેશ ચલાવવો છે. આથી તેઓ પણ હાકલા-પડકારા કરી રહ્યા છે. બીજી પા, બાંગ્લાદેશમાં આવતા મહિને ચૂંટણી છે. તેથી ત્યાં કટ્ટરવાદી પરિબળો અનિયંત્રિત બન્યાં છે. પ્રતિ દિન હિન્દુઓની હત્યાઓ થઈ રહી છે, સ્ત્રીઓ પર બળાત્કાર થઈ રહ્યા છે.

આ બધામાં મજા લઈ રહ્યા છે અમેરિકા અને ચીન. બંનેને ભારતમાં નરેન્દ્ર મોદી સત્તામાં હોય તે પસંદ નથી. મોદી અમેરિકા સામે ઝૂક્યા નથી. ખેડૂતોનાં હિતો સાચવવા ટ્રમ્પને પસંદ પડે તેવી સમજૂતી (ડીલ) તેમણે કરી નથી. એટલે ટ્રમ્પે હવે ભારતની સામે વધુ આકરાં પગલાં લીધાં છે. તેમણે અગાઉ ઝીંકેલા સીમા શુલ્કને વધારી ૫૦૦ ટકા કર્યું છે. અને ભારત-પાકિસ્તાન વચ્ચે ઑપરેશન સિંદૂર સમયે સર્જાયેલી પૂર્ણ કક્ષાના યુદ્ધની સ્થિતિ પોતે ટાળી છે તેવા દાવા ટ્રમ્પ અગણિત વાર કરી ચૂક્યા છે. વડાપ્રધાન મોદી એક પણ વાર કંઈ બોલ્યા નથી. આ મોદી શૈલી છે. કેજરીવાલનું નામ ન લેવું અથવા અર્બન નક્સલ કહેવા, રાહુલને શહઝાદા કહેવા, પરંતુ સીધો પ્રહાર ન કરવો. ૨૦૦૨નાં રમખાણો મુદ્દે પણ જ્યાં સુધી સર્વોચ્ચનો નિર્ણય નહોતો આવ્યો, મોદી કંઈ બોલ્યા નહોતા.

બીજી તરફ, ચીનને પણ પાકિસ્તાન અને બાંગ્લાદેશ ભારત સામે બથોડા લે તેમાં રસ છે. તેને મફતમાં જોણું થાય છે. પરંતુ તે ચૂપ નથી બેઠું. તે પેંગોંગ તળાવ પાસે સૈન્ય માળખું નિર્માણ કરી રહ્યું છે તેવી ઉપગ્રહીય છબિઓ સામે આવી છે.

વિશ્વમાં બધે જ મોટા પાયે ઉથલપાથલ ચાલી રહી છે. ઈતિહાસમાં પ્રથમ વાર સાઉદી અરેબિયા અને યુએઈ યમનમાં લડી રહેલાં જૂથોના મુદ્દે સામસામે આવ્યા છે. ૨૦૧૧માં આરબ દેશોમાં ટ્યૂનિશિયાથી શરૂ કરીને અલગ-અલગ દેશોમાં વિદ્રોહ ફાટી નીકળ્યો તેમાં યમન પણ આવી ગયું. ત્યાં પહેલાં તો સાઉદી અરેબિયા અને યુએઈ 'હમ સાથ સાથ હૈ' વાળી સ્થિતિમાં હતા, પણ હવે 'હમ આપ કે હૈ કૌન?' વાળી સ્થિતિમાં છે. યુએઈ વિદ્રોહી જૂથ સાઉથર્ન ટ્રાન્સિશનલ કાઉન્સિલને ટેકો આપે છે. જ્યારે સાઉદી ત્યાં આંતરરાષ્ટ્રીય રીતે જે સરકારને માન્યતા મળી છે તેને ટેકો આપે છે. સાઉદીએ તાજેતરમાં યુએઈએ જ્યાં શસ્ત્રો સાથેનું જહાજ મોકલ્યું હતું તે મુકલ્લા પટનમ્ (બંદરગાહ) પર બૉમ્બમારો કરી બંને દેશો વચ્ચેના મતભેદો જ નહીં, બંને દેશો વચ્ચે હવે મિત્રાચારી નથી રહી તેવું ખુલ્લું કર્યું છે. અત્યાર સુધી સુન્ની બહુલ સાઉદી અને યુએઈ સાથે એક પલડામાં અને શિયા બહુલ ઈરાન બીજા પલડામાં રહેતાં હતાં. પરંતુ હવે સુન્ની દેશો વચ્ચેય તડાં પડ્યાં છે.

જોકે, અમેરિકાની દાદાગીરી સામે ભારત અને ચીન બંને એક બાજુએ છે, સાથે નથી. આ વાક્ય બે વાર વાંચજો. બંને અમેરિકાની દાદાગીરીના પીડિત છે, પણ બંને સાથે નથી. આવું જ રશિયા બાબતે છે. રશિયા એક તરફ યુક્રેનમાં તો ભેખડે ભરાયેલું જ છે, ત્યાં ઉત્તર એટલાન્ટિકમાં એક

**અમેરિકા-વેનેઝુએલા, અમેરિકા-ફ્રાન્સ, ઇઝરાયેલ-હમાસ, યુક્રેન-રશિયા, ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશ..આ બધા સંઘર્ષો વચ્ચે સાઉદી અરેબિયા અને યુએઇ એ બંને સુન્ની દેશો પણ ભેખડે ભરાયા છે. પરંતુ તેમાં અમેરિકાએ વેનેઝુએલા પાસે રશિયાનું ઓઇલ ટેન્કર પકડ્યું તેનાથી શું વિશ્વયુદ્ધ થશે?**

જહાજને અમેરિકાએ પકડી લીધું. આ જહાજ પર કોઈ ધ્વજ નહોતો. અર્થાત્ તે કોઈ દેશનું નહોતું તેવું બતાવવામાં આવી રહ્યું હતું, પરંતુ અમેરિકી દળો તેને પકડવા ગયા તેવું જ તેના સભ્યોએ રશિયાનો ધ્વજ ફરકાવી દીધો. અર્થાત્ તે રશિયાનું જહાજ હતું. પરંતુ તેમાં તેલ નહોતું.

અમેરિકી તટરક્ષક દળોએ પહેલી વાર આ જહાજને ૨૧ ડિસેમ્બરે કેરેબિયન સમુદ્રમાં જોયું હતું. ત્યારે તેનું નામ બેલા-૧ હતું. તેમાં કોઈ રાષ્ટ્રધ્વજ નહોતો. આથી અમેરિકાને મજા પડી ગઈ. તેના સૈનિકો તેની પાછળ પડ્યા. પરંતુ એ જહાજના લોકોને લાગ્યું કે હવે બચવું અઘરું છે ત્યારે તેમણે રશિયાઈ રાષ્ટ્રધ્વજ લહેરાવી દીધો. બેલા-૧નું નામ બદલી મરીનેરા કરી દેવાયું. આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ, એ જહાજ રશિયાની સુરક્ષામાં આવી ગયું અને રશિયાએ પોતાની સબમરિન પણ મોકલી દીધી. પરંતુ અમેરિકાએ તે પહેલાં જ જહાજ પકડી લીધું.

એક મોરચો અમેરિકા અને ફ્રાન્સ વચ્ચે પણ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યૂએલ મેક્રોં વચ્ચે ઊભા બનતું નથી. તાજેતરમાં જ ટ્રમ્પે એવી મશ્કરી કરી કે જ્યારે અમેરિકાએ ફ્રાન્સને સીમા શુલ્કની ધમકી આપીને ઔષધિઓ (દવા)ના ભાવ ત્રણ ગણા વધારવા દબાણ કર્યું ત્યારે મેક્રોંએ ટ્રમ્પને યાચના કરી હતી કે "ડૉનાલ્ડ, હું તમને આજીજી કરું છું. હું દવાના ભાવ વધારી દઈશ પરંતુ આ વાત જનતાને નહીં કહેતા."

આવું બધું પડદા પાછળ થતું હોય છે. તે જાહેર કરાતું નથી. હવે આવી કોઈ આમન્યા નથી રખાતી. જેમ સામાન્ય લોકો અને સેલિબ્રિટીઓ સ્ક્રીનશૉટ અને કૉલ રેકૉર્ડિંગ જાહેર કરી દે છે તેવું હવે રાષ્ટ્રપ્રમુખો પણ કરવા લાગ્યા છે. ગત ૧૫ જૂન ૨૦૨૫એ થાઈલેન્ડનાં વડાપ્રધાન પાઍટોંગટર્ન શિનાવાત્રાની કમ્બોડિયાના હુન સેન વચ્ચે ટેલિફૉનિક વાતચીત જાહેર થઈ ગઈ. આ વાતચીતમાં શિનાવાત્રા એમ કહેતાં હતાં કે અમારા સેનાધ્યક્ષ મારા વિરોધી છે. તેમનાં નિવેદનો ધ્યાનમાં ન લેતા. શિનાવાત્રાએ બંને દેશો વચ્ચેની એવી ભૂમિ જેના પર વિવાદ છે ત્યાં કમ્બોડિયાના સૈનિકને થાઈલેન્ડના સૈન્ય દ્વારા મારી નખાયાના મુદ્દે પરિસ્થિતિ થાળે પાડવા આ કૉલ કર્યો હતો. હુન સેન અગાઉ રાષ્ટ્રપ્રમુખ હતા, અત્યારે તેમના દીકરા હુન મનેત રાષ્ટ્રપ્રમુખ છે. જોકે એમ મનાય છે કે પિતાનો પ્રભાવ સત્તામાં હજુ પણ છે જ. આથી જ શિનાવાત્રાએ તેમને ફૉન કર્યો હતો.

પરંતુ આ ખાનગી વાત જાહેર કરી દેવામાં આવી. કમ્બોડિયામાં સામ્યવાદી શાસન છે. જોકે હુન મનેતના પક્ષનું નામ કમ્બોડિયન કમ્યૂનિસ્ટ પાર્ટી નથી. તેમના પક્ષનું નામ કમ્બોડિયન પીપલ્સ પાર્ટી છે. પરંતુ તેનાં મૂળ સામ્યવાદી અને માર્ક્સિસ્ટ-લેનિન ચળવળમાં છે. જે રીતે હવે સામ્યવાદીઓ મુખ્ય રાજકીય પક્ષોમાં ઘૂસીને તેને વૈચારિક રીતે અધિગ્રહિત કરે છે તેમ કમ્બોડિયન પીપલ્સ પાર્ટીનું છે. અમેરિકામાં ડેમોક્રેટ, ભારતમાં કૉંગ્રેસ, રાજદ, સપ, ડીએમકે વગેરે આવા જ પક્ષો છે.

એટલે જે વાત ખાનગી રહેવી જોઈતી હતી તે જાહેર કરી દીધી. આ જ રીતે અમેરિકામાં મધ્યાવધિ ચૂંટણી આવી રહી છે ત્યારે ટ્રમ્પે પણ મેક્રોં સાથેની ખાનગી વાતચીત જાહેર કરીને મેક્રોં સાથે 'અમેરિકા ફર્સ્ટ' અને અમેરિકા જગત જમાદાર છે તેવી છાપ અમેરિકાના લોકોમાં ઊભી કરવા, મેક્રોં સાથે પોતાની શત્રુતા વધારી દીધી છે.

હવે પ્રશ્ન એ થાય કે અમેરિકા દ્વારા વેનેઝુએલા પર આક્રમણ, તેના કારણે ત્યાંથી ચીન-રશિયાનાં હિતો પર પૂર્ણવિરામ, ઈરાનમાં અત્યાચારી અલી ખામેનેઈન સામે આંદોલન, ફ્રાન્સના મેક્રોં સામે વાક્યુદ્ધ, નરેન્દ્ર મોદી સામે ટ્રમ્પના વાક અને આર્થિક પ્રહારો આ બધું જોતાં શું ત્રીજું વિશ્વયુદ્ધ થશે? ઉત્તર છે ના.

હા, હાકલા-પડકારા થશે. દરેક રાષ્ટ્રપ્રમુખને પોતાના દેશમાં સત્તા ટકાવી રાખવી છે. ચીન અને રશિયામાં તો અધિનાયકો સત્તામાં છે. તેથી તે બંને તો હાકલા-પડકારા કરશે જ. થોડાંક નાનામોટાં પગલાં પણ ભરશે. મોદીજી તો સીધા વાકપ્રહારોમાં ઉતરીને ભારતને વધુ મુશ્કેલીમાં મૂકે તેવા નથી. આવનારા સમયમાં અમેરિકાને કંઈ નાનીમોટી લોલીપોપ આપીને પ્રસન્ન કરીને મૂછ નીચી રાખીને પણ ભારતને મુશ્કેલીઓથી બચાવવામાં આવશે. પરંતુ હા, શાંઘાઈ સહકાર સંગઠન (એસસીઓ)ની બેઠક વેળા પુતિનની કારમાં બંને કોઈ દુભાષિયા વગર ગયા અને ગત ડિસેમ્બરમાં દિલ્હી આવેલા પુતિનને પણ મોદીજી પોતાની કારમાં લઈ ગયા તે દૃશ્ય જ ટ્રમ્પને ઉત્તર આપનારું હતું અને તેમાં ઘણું રંધાયું હશે. પરંતુ તે પરિણામ તાત્કાલિક નહીં આવે.

આવા સંજોગોમાં ત્રીજું વિશ્વયુદ્ધ થવાના અણસાર ભલે હોય, તેની કોઈ શક્યતા નથી. હા, છાપાંઓ, ટીવી ચેનલો, યુટ્યૂબ ચેનલોમાં થમ્બનેલથી પ્રતિ દિન મરીમસાલા ભભરાવીને વિશ્વયુદ્ધ કરાવી દેવાશે. પરંતુ તેવું થશે નહીં. આ બધામાં એક મોટું પાસું એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે જો આપણે ત્રીજા વિશ્વયુદ્ધની શક્યતા વિચારીએ તો ઈઝરાયેલ અમેરિકાના પલડામાં ઊભું રહે. અને ઈઝરાયેલ પાસે યુદ્ધ સામગ્રી વિશ્વમાં શ્રેષ્ઠ પૈકીની એક છે. ઈઝરાયેલને અમેરિકા વગર અને અમેરિકાને ઈઝરાયેલ વગર ચાલે તેમ નથી. ઈઝરાયેલને હમાસ, લેબેનોન અને ઈરાન સાથે પરિસ્થિતિ થાળે પડી નથી. ઉલટું, હમાસના આતંકવાદી નેતાઓ પાકિસ્તાનમાં લશ્કર એ તૈયબાના આતંકવાદી નેતાઓને મળી ગયા. ઈઝરાયેલે ભારતને અનુરોધ કર્યો છે કે તે હમાસને ત્રાસવાદી સંગઠન જાહેર કરે.

પરંતુ તેના માટે હજુ વાર છે. ભારતમાં ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો સ્થપાતાં ૪૫ વર્ષ નીકળી ગયાં. (બિન ગાંધી પરિવારની સરકાર – નરસિંહરાવની સરકારમાં તે શક્ય બન્યું) અને ભારતના વડાપ્રધાન ઈઝરાયેલ સત્તાવાર મુલાકાતે જાય અને સાથે પેલેસ્ટાઈન ન જાય તેવું મોદીજીના સમયમાં બન્યું. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુ ભારત આવ્યા. પરંતુ હજુ ભારત પૂરેપૂરું ઈઝરાયેલના સમર્થનમાં નથી આવ્યું. આમાં વાંક ઈઝરાયેલનો વધુ છે. જેમ ભારત વિશ્વ ભરમાં પૂરી રીતે પાકિસ્તાન-બાંગ્લાદેશના ત્રાસવાદ વિરુદ્ધ ભારતના પક્ષે વિશ્વમત નથી બનાવી શક્યું તેમ ઈઝરાયેલ પણ એવું સાબિત નથી કરી શક્યું કે ત્રાસવાદ હમાસ ફેલાવે છે. ઉલટું, ભારત, પાકિસ્તાન, અમેરિકા, જર્મની વગેરે દેશોના મુસ્લિમો પણ માને છે કે ગાઝામાં ઈઝરાયેલ ત્રાસવાદ ફેલાવે છે.

ભારતમાં પ્રિયંકા ગાંધી વાડ્રા સંસદમાં પેલેસ્ટાઈન લખેલી બેગ લઈને જાય છે. ઉર્દૂવુડના કલાકારો 'ઑલ આય્ઝ ઑન રાફા' જેવા હેશટેગ પર અભિયાન ચલાવે છે અને વિશ્વ ભરની સેલિબ્રિટીઓ ચલાવે છે. આથી ભારત ઈઝરાયેલ-પેલેસ્ટાઈન મુદ્દે ઈઝરાયેલ સાચું હોવા છતાં ખુલીને તેના પક્ષમાં નથી આવી શકતું. યોગી જેવા કોઈ વડાપ્રધાન આવે ત્યારે કદાચ ભારત ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચે તટસ્થ નીતિ છોડીને માત્ર ઈઝરાયેલને સમર્થન કરે તેવું બની શકે. તેમ છતાં વિશ્વયુદ્ધની સંભાવના ઈઝરાયેલ-અમેરિકાની અને વળી, નાટોના પીઠબળના લીધે અત્યારે તો શૂન્ય થઈ જાય છે. આગળ જતાં, જેમ સંયુક્ત રાષ્ટ્રોનાં ૩૧ સંગઠનોમાંથી અમેરિકા નીકળી ગયું અને ટ્રમ્પ મેક્રોં વિરુદ્ધ લવારીઓ કરે છે, તેમને નીચું દેખાડે છે તેવું વધુ પડતું થાય અને નાટો તૂટે તો જ શક્યતા ઊભી થાય. અન્યથા, 'યુદ્ધસ્ય કથા' જ નહીં, 'યુદ્ધસ્ય સંભાવનાસ્ય કથા અપિ રમ્યાઃ' જ છે. યુદ્ધની સંભાવનાની કથા ઘરમાં બેસીને રાત્રે ભોજન કરતાં-કરતાં ટીવી પર જોવાની મજા પડે છે. ■

jaywant.pandya@gmail.com

# ઇકો સિસ્ટમ - જેએનયુની ડફલી અને ન્યુયોર્કના મેયરની દલાલી

**રાજકીય રસધાર**




**પ્રવીણ માધાણી**

દિલ્હી ખાતે પંડિત જવાહરલાલ નહેરુના નામે એક યુનિવર્સિટી આવેલી છે. યુનિવર્સિટીની સ્થાપના સન ૧૯૬૯માં સંસદ દ્વારા એક અધિનિયમ પસાર કરીને કરવામાં આવી હતી. દક્ષિણી નવીદિલ્હીમાં લગભગ ૧૦૨૦ એકરનો વિશાળ વિસ્તાર ધરાવે છે. ટેક્ષ ભરતા ભારતના નાગરિકોના પૈસામાંથી દર વર્ષે કરોડો રૂપિયાની સબસિડી આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવે છે. સારાનરસા બંને આયામોથી ખુબ ચર્ચિત છે. ત્યાંથી ઘણી મેધાવી પ્રતિભાઓ નીકળી છે. જે આજે વિશ્વમાં પોતાના જ્ઞાનના પ્રકાશથી અજવાળા કરી રહી છે. હાલના નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશમંત્રી જયશંકર, કૉંગ્રેસના જયરામ રમેશ, સીપીએમના સીતારામ યેચુરી, નોબલ સન્માનિત અભિજિત બેનરજી તથા અરવિંદ ગુપ્તા, વગેરે આ યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. એવું કહેવાય છે કે આ યુનિવર્સિટી વામપંથી વિચારધારાની પોષક રહી છે. વૈચારિક લડાઈના નામે આ યુનિવર્સિટીના અમુક દેશદ્રોહીઓ વિદ્યાર્થીઓ વર્ષોથી દેશની છાતી પર સાપની જેમ આળોટી રહ્યા છે. આ યુનિવર્સિટીમાં અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના નામે દેશદ્રોહી તત્વો દેશવિરોધી નારાઓ દ્વારા પોતાનું ઝેર વારેવારે ઓકી રહ્યા છે. દેશના ટુકડા કરવાથી લઈને વડાપ્રધાનની કબર ખોદવાના નારાઓ હાથમાં ડફલી લઈને ગાતા સરકારની સબસિડીથી અભ્યાસ કરતા આધેડવયના બૌદ્ધિક દરિદ્રતા અને શારીરિક નપુંસકતાનો શિકાર આ યુનિવર્સિટીમાં હોવા હવે સામાન્ય બાબત છે. દેશની એકમાત્ર યુનિવર્સિટી છે જ્યાં અમુક વિદ્યાર્થીઓને આતંકવાદીઓ, નકસલવાદીઓ, માઓવાદીઓ કે કોઈપણ દેશવિરોધી કટ્ટરવાદી તત્વોની ફિકર રહે છે. અહી પાકિસ્તાનના સમર્થનમાં નારાઓ લાગે છે, દેશના ટુકડા કરવાના નારાઓ લાગે છે, વડાપ્રધાનની કબર ખોદવાના નારાઓ લાગે છે, સંસદ પર હુમલાના માસ્ટર માઈન્ડ અફઝલ ગુરુના સમર્થનમાં નારાઓ લાગે છે, દિલ્હી દંગાના માસ્ટર માઈન્ડ ઉમર ખાલીદના જામીન દેશની સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા નકારવામાં આવે છે અને વડાપ્રધાન તેમજ ગૃહમંત્રીની કબર ખોદવાના નારાઓ લાગે છે, આર.એસ. એસ. વિરુદ્ધ, ભાજપ વિરુદ્ધ નારાઓ લાગે છે. જેના સમર્થનમાં અને જેની વિરુદ્ધમાં આ યુનિવર્સિટીમાં નારાઓ લાગે છે, એ નારાઓ અલગ અલગ હોય છે, પરંતુ નારાનો સૂર એક જ છે, દેશના ટુકડા કરવા. વિદેશી ફંડિંગથી દેશને તોડવામાં મનસૂબા ધરાવતા પોતાના રાજકીય સ્પોન્સરોના ઈશારા પર દેશને અસ્થિરતા તરફ ધકેલવો. ૨૧ વર્ષની ઉંમરે આ યુનિવર્સિટીમાં એડમિશન લેતા અને આધેડવય સુધી ત્યાં કોઈને કોઈ અભ્યાસક્રમની ઓથ લઈને પ્રજાના ટેક્ષમાંથી અપાતી સબસિડીથી ચાલતી હોસ્ટેલોમાં પડ્યા પાથર્યા રહેતા અમુક હરામખોર વિદ્યાર્થીઓ ચોક્કસ રાજકીય પક્ષના ધૂર્ત એજન્ટો છે, જેને દેશવિરોધી એજન્ડા ચલાવવા માટે લાંબા સમય સુધી ત્યાં રહેવા દેવામાં આવે છે. સવાલ એ છે કે દેશની આ એક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જ કેમ દેશની સતત ચિંતા થઈ રહી છે ? દિલ્હી દંગાના આરોપી માટે ન્યુયોર્કનો મેયર વેશ્યાના દલાલની જેમ કેમ બજારમાં ઉતરી જાય છે ? ભારતની જનતાએ આખી ઈકો સિસ્ટમ સમજવાનો સમય આવી ગયો છે. યુનિવર્સિટીની અંદર રહેલા આ કોંક્રોચ પોતાની ગટરમાંથી બહાર આવીને દેશના અન્ય ભાગમાં ગંદકી ફેલાવે એ પહેલા તેના પર કાલાહીટ મારી દેવાનો સમય હવે પાકી ચુક્યો છે. આ સડો સમાજમાં ફેલાય એ પહેલા તેના પર તેઝાબનો છંટકાવ કરીને મૂળમાંથી નાશ કરવો હવે જરૂરી બન્યો છે. દેશની કોઈ યુનિવર્સિટીનો વિદ્યાર્થી દેશના વડાપ્રધાનની કબર ખોદવાના સ્વપ્નો જોઈ શકે, નારાઓ લગાવી શકે એટલી આઝાદી ભોગવી રહ્યો છે, દેશનો એક અધકચરો, હિનવીર્ય નેતા દેશના વડાપ્રધાનને અમેરિકન પ્રમુખ બંદીવાન બનાવીને લઇ જાય એવી મંશા સેવી રહ્યો છે, અને દેશનો એક નપુંસક બૌદ્ધિક વર્ગ ટીવી પર તાબોટા પાડીને ગળું ફાડી રહ્યો છે કે દેશમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ખતમ થઈ ગઈ છે. આ સમયે જો સરકાર દ્વારા આવા તત્વોને ઉગતા ડામી દેવા કોઈ પગલાઓ ઉઠાવવામાં નહિ આવે તો સરકારની મંશાઓ પર પણ શંકા ઉભી થઈ શકે છે. ભૂતકાળમાં આ લોકોને સમર્થન આપવા યુનિવર્સિટી કેમ્પસમાં દોડી ગયેલા બુદ્ધિહીન નેતાઓ અને સસ્તી પ્રસિદ્ધિ ભૂખ્યા ફિલ્મી નટનટીઓને પ્રજાએ સબક શીખડાવી દીધો છે. હવે સરકારનો વારો છે કે એકવાર એવો સબક શીખવવામાં આવે જે એ યુનિવર્સિટીમાં આવા મનસૂબાથી એડમિશન લેતા વિદ્યાર્થી માટે બોધપાઠ બની જાય. બક્ષીએ લખ્યું હતું કે હિન્દુસ્તાનમાં ગદ્દારીની ફેશન અને ભાષા બદલાયા છે, પણ ગદારી જીવે છે, પનપી રહી છે. ભારતમાં વિપક્ષોની પ્રતિકાર કરવાની શક્તિનો હ્રાસ થઈ રહ્યો છે અને એ એમના દ્વારા ચલાવવામાં આવી રહી આખી ઈકો સિસ્ટમમાં દેખાઈ રહ્યો છે. આ હ્રાસ વ્યક્તિ વિરોધમાંથી દેશ વિરોધમાં પલટાઈ ચુક્યો છે. જે દંગામાં ૫૩ નિર્દોષોના લોહી રેડાઈ ગયા હતા, જે આતંકવાદી માનસિકતા એક ચીકનનેક નામના વિસ્તાર પર કબજો કરીને દેશના એક ભાગને દેશથી અલગ પાડી દેવા આહ્વાન કરે છે, જે દેશની સંસદ પર હુમલો કરાવવામાં સામેલ છે, તેનું સમર્થન કરવું ચોખ્ખો દેશદ્રોહ છે. આ વિદ્યાર્થીઓની તરફેણમાં દલીલ કરતી દરેક વ્યક્તિ દેશદ્રોહી છે. અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીએ ફિલીસ્તીનનું સમર્થન કરવા બદલ ૮૦ વિદ્યાર્થીઓને કાઢી મુક્યા હતા અને કેટલાય વિદ્યાર્થીઓની ડિગ્રીઓ રદ કરી દેવામાં આવી હતી. હાર્વર્ડ જેવી યુનિવર્સિટીએ પણ કેટલાય આવા ફિલીસ્તીન સમર્થક વિદ્યાર્થીઓના ગ્રેજ્યુએશન સમાપ્ત કરી દીધા હતા. અમેરિકન સરકારે ૩૦૦થી વધુ આવા વિદ્યાર્થીઓના વિઝા રદ કરીને પોતપોતાના દેશમાં પાછા ધકેલી દીધા હતા. આવા પ્રદર્શન થતા હતા એ યુનિવર્સિટીઓની લાખો ડોલરની ગ્રાન્ટ અમેરિકન સરકાર દ્વારા અટકાવી દેવામાં આવી. કુલપતિઓ અને શિક્ષકો સામે પગલા ભરવામાં આવ્યા. અમેરિકા દ્વારા આ બધું માત્ર પારકા દેશ ઈઝરાયેલનો વિરોધ કરવા બદલ કરવામાં આવ્યું. જયારે ભારતમાં તો આ હરામખોરો ભારતને જ અસ્થિર કરવાની દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં રત છે. બચાવનું કોઈ કારણ નથી. ક્વિક નોટ - "…. અને આપણા ઈતિહાસમાં એ નાનો માણસ સતત આવતો રહે છે. એ નાનો માણસ, જે સ્વયંને દેશ કે જાતિ કરતા મોટો સમજે છે, એ નાનો માણસ, કુટિલ, બેવફા, દગાબાઝ, ગદ્દાર, ધૂર્ત, ડબલસ્પીકનો બેશરમ સોદાગર, નેતિહાસનો દલાલ, લાલચ અને લાલસામાં અંધ નમકહરામ, સમજદાર નપુંસક કાયર, દ્રોહીઓની અનૌરસ ઓલાદ. એ નાના માણસનું નામ અમીચંદ છે, અને મીર ઝાફર છે…..'' – ચંદ્રકાંત બક્ષી. આજે અમીચંદ અને મીરઝાફરની જગ્યાએ બીજા નામ આવી ગયા છે, જે દેશનો સામાન્ય માણસ પણ ધારી શકે છે.

■ production@infiniumpharmachem.com

# રવિવારની રજા કોણે બહાર પાડી છે ?

**હાસ્યાય નમઃ**



**ડો. પ્રકાશ દવે**
**૯૫૭૪૩૭૪૪૫૩**

(૧) એક માળના મકાન બનતા હતા તેમાંથી બે માળના મકાન કેમ થયા?

માહીબેન ડણાક(અમરેલી)

ઈંટ, સિમેન્ટ અને નીચે સંકડાશ વધી એટલે.

(૨) જીના યહાં મરના યહાં ઈસ કે સિવા જાના કહા?- આમાં કવિ શું કહેવા માંગે છે?

રામભાઈ પટેલ (સુરત)

કવિ સલવાણા લાગે છે. વિમાન કેન્સલ થયું છે અને રેલવેની ટિકિટ કન્ફર્મ નથી થતી.

(૩) ઉનાળામાં દિવસો લાંબા અને શિયાળામાં દિવસો ટૂંકા કેમ હોય છે?

રાજેશભાઈ ડણાંક (અમરેલી)

ઠંડી ન લાગે એટલે સૂરજ મોડો ઉગે અને વહેલો આથમી જાય.

(૪) માર અને મેથીપાક બન્નેને શા માટે એકસમાન માનવામાં આવે છે ?

જીગર યાદવ (દાત્રાણા-પાટણ)

બન્નેમાંથી મને એકપણનો અનુભવ નથી.

(૫) તમને મનમાં ને મનમાં મુંઝારો ક્યારે થાય..?

ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)

કોઈક આવો સવાલ પૂછે ત્યારે!

(૬) સાહેબ..! મકરસંક્રાંતિનો શું પોગ્રામ છે..? આવો ત્યારે કેનેડા..

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

કેનેડા આવીને શું કરું? એ.. કાપ્યો છે.! એવું કહીએ તો ત્યાં કોઈ સમજે નહી અને આવું અંગ્રેજીમાં બોલવાની મજા આવે નહી!

(૭) ગોર મહારાજ વર-કન્યાને સાવધાન કરાવી ને પછી વિશ્રામ શા માટે નથી કરાવતા?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

ગોર ફેરા ફેરવી દેય ઘર ન ચલાવી દેય!

(૮) રૂમના બારણાં લાકડાના જ કેમ હોય છે?

વૈશાલી જે. ઈસામલિયા (દામનગર)

સોનુ ચાંદી પોસાય નહી!

(૯) મુસાફરી માટે ઘોડો લીધો છે; પણ શહેરમાં ઘોડાનું ક્યાંય પાર્કિંગ મળતું નથી; શું કરવું ?

કનુભાઈ પરમાર (દામનગર)

ઘોડાને શહેરમાં શોપિંગ કરવા મોકલો અને તમે પાર્કિંગમાં બેસો!

(૧૦) ટ્રંપે વેનેઝુએલા પર હુમલો કર્યો તેની આપણા પર શું અસર પડે?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

પાનની દુકાને વકરો વધે!

(૧૧) આપણે પ્રકૃતિને નુકસાન કરીએ તેનો હિસાબ ભગવાનના ચોપડે થતો હશે?

પૂજાબેન ગોંડલિયા (જસદણ)

આ વખતે ભગવાન ચોપડાપૂજન કરવા માટે મને ચોપડો મોકલે ત્યારે જોઈ લઈશ.

(૧૨) ગુજરાતનું વાતાવરણ કાશ્મીર જેવું થઈ જાય તો કેવું લાગે ? મુસ્તુફા કનોજિયા (રાજુલા)

એવું વિચારો કે કાશ્મીરનું વાતાવરણ ગુજરાત જેવું થઈ જાય તો એ લોકો કાતિલ ઠંડીથી બચી જાય!

(૧૩) રવિવારની રજા કોણે બહાર પાડી છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

ઘેર છોકરાંઓથી કંટાળ્યા લાગો છો!

(૧૪) ઘરડા ગાડા વાળે એ સાચી વાત છે?

ફિરોઝ કનોજિયા (રાજુલા)

હવે ગાડા ક્યાં છે? ગાડીઓ છે.

(૧૫) પૃથ્વી પર સૌ પ્રથમ પહેલા કોણ આવ્યું હશે?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

ગ્રામ પંચાયતના જન્મમરણના રજીસ્ટરમાં તપાસ કરી જુઓ. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# તારી હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે !



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આજુબાજુ નજર નાંખો તો હા-એ-હા કરનારા ઘણા મળશે પણ તમારી વાત સાથે સંમત થનારા બહુ ઓછા મળશે. એ વાત સહુએ સ્વીકારવાની છે કે કોઈને પણ આપણી કોઈ પણ વાતમાં અસહમત થવાનો પૂરો અધિકાર છે. કોઈની અસંમતિ એ આપણા તરફનો અનાદર નથી પરંતુ આપણે માનેલું સત્ય અને તેઓએ માનેલા સત્ય વચ્ચે ભેદરેખા છે. સંસારમાં સત્ય સાપેક્ષ છે એટલે એકની જે વાત તે બીજાને ગળે ન પણ ઉતરે. અને હવે તો આપણે એવા યુગમાં આવી પહોંચ્યા છીએ કે જેમાં એક તો વ્યક્તિગત સ્વતંત્રતાનો સકારાત્મક મહિમા છે અને બીજાઓના અભિપ્રાયનો સવિવેક અનાદર કરવાની પણ મુક્તિ છે. બીજાઓ એટલે કે પરિવાર અને સમાજ મારી વાતમાં સંમત હોવા જ જોઈએ એવો આગ્રહ રાખનારાઓ માટે વિષાદના પટના પટ ખુલ્લા છે. પછી તમારી ઈચ્છા.

મતભેદ અને મનભેદથી આ જગત બહુ આગળ નીકળી ગયું છે. તમને એવા લોકો હવે પરિવારમાં અને સમાજમાં પણ મળી શકે કે જેઓ તમારા એકેએક વાક્યને સુધારવાનો વ્યર્થ વ્યાયામ કરતા હોય. એવા કસરતબાજો કોઈ પણ હોય, એમની સામે મૌન જ અમોઘ આલંબન છે. જેઓ મૌનને આધીન હોય છે તેઓ ચિત્તને અધિક પ્રશાંત રાખી શકે છે. બાકી ચકડોળ તો ચારેભાજુ છે, એમાં તો પગ મૂકો કે તુરંત ચડતી-પડતીના ચક્કર ચાલુ થઈ જાય. સ્થિરતા આરાધ્ય છે. સ્થાયીભાવ જ આનંદરસના અનેક સ્ત્રોતની આધારશીલા છે. પણ એ સ્થિરતા ઘટાટોપ વૃક્ષને સ્વચરણે જેવી મળી એવી તો કોઈને મળતી જાણી નથી. બોધિવૃક્ષ મૂલતઃ તો આસન સિદ્ધ કરવા અને સ્થાયી ભાવને પુરસ્કૃત કરનાર પરિબળ છે.

સૂક્ષ્મ રીતે જુઓ તો અન્યને આપણી વાતમાં સહમત કરવાની મથામણ કરવી એ એક પ્રકારની હિંસા છે. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે - પણ તેમને ભાન જ નથી કે તેમનું હિત શામાં છે. જો એમ હોય તો આપણે માત્ર આપણી વાત બ્લેક એન્ડ વ્હાઈટમાં મૂકવાની હોય. પછી તેમાંની કોઈ એક તરફ ઝૂકીને અન્યોને પણ એ તરફ ઝૂકાવવાનો પ્રયત્ન વ્યર્થ છે. જેઓ પોતે પોતાની વાતમાં સાચા છે એમણે જિંદગીમાં તો વકીલની જરૂર નથી કે નથી ખુદના એડવોકેટ થવાનું, સમય જ એમની વકીલાત કરીને તેમનું સત્ય પ્રગટાવે. એ માટેની ધૃતિ જેમનામાં ન હોય તેઓ સાચા હોય તોય એટલું બકબક કરતા જોવામાં આવે છે કે તેઓ જાણે કે હળાહળ ખોટા હોવાનો આભાસ ઊભો થાય છે. આ આભાસ જ સારા માણસોની પ્રતિષ્ઠા ખંખેરી લે છે. ઈતિહાસકારે ત્યાં એટલું જ લખવાનું આવશે કે તેઓ સાચા હતા પણ તેમના વાકોપદ્રવને કારણે તેઓ તેમનું સત્ય વેડફી નાંખતા હોવાને કારણે તેમનો તત્કાલીન વર્તમાન તેમના હાથમાંથી છટકી ગયો.

જિંદગીને હળવાશથી પસાર કરવી એ તો ધન્યતાનો અવસર છે પરંતુ સ્વયં દ્વારા જિંદગીને હળવાશથી લઈ શકાય નહિ. જેઓ જીવનની ગહેરાઈને થોડીક પણ જાણે છે તેઓ એને પૂર્ણ ગંભીરતાથી લે છે અને એટલે જીવન એમની સામે સર્વ રહસ્ય ખુલ્લા મૂકીને સ્થાયીભાવે ચિરંતન આનંદનો અનુભવ આપે છે. આનંદની ચિરંતનતા એટલે કે પ્રસન્નતાનું અવિક્ષેપ સાતત્ય. એ જ આપણા અહીં પૃથ્વી પર આવવાનું પણ સાધ્ય છે. આ થોડાક ઊંચા પગથિયા છે પણ એક એક પગલે પહોંચી શકાય છે. અને સહુ તો એમાં સાથે ન હોય એટલે જ કવિવર ટાગોરે કહી દીધું કે કોઈને તારી હાક સંભળાય કે ન સંભળાય, તારા સાદને કોઈ ગણે કે અવગણે, તું તેઓને સાથે લેવાનો આગ્રહ જતો કર ભાઈ, ને એકલો જ એકલો ચાલી નીકળ.

એવા એકલપંથીને આ જગત કદાચ અભાગી કહે એમ માનીને ટાગોરે જ એને ઓ રે... ઓ રે... ઓ અભાગી... - એવું સંબોધન કર્યું છે. પરંતુ ખરેખર તો અભાગી એ છે કે જેઓ પાછળ રહી ગયા છે. એકલા ચાલી નીકળનારાઓની પાછળ બહુ મોડે મોડેથી આ જગત ચાલી નીકળ્યું હોય એવું જોવા મળે છે ને ઈતિહાસ તો પાને પાને એની ગવાહી આપે છે. પરંતુ એ તાકાત તો અસામાન્ય હોય, જે તમને બીજાઓની પરવા વિના ઊંચે લઈ જાય. કવિનો ઈરાદો દ્વિધામાં મૂકાયેલા સજ્જનને શુભધક્કો મારવાનો છે ; એ સજ્જન કે જે સહુને સાથે લઈને જ આગળ જવામાં અટવાયેલો છે. એવી એ ક્ષણ છે જ્યાં તે અટકી ગયો છે, ન તો સાથીઓ આગળની સફર માટે તૈયાર છે અને ન તો તે પોતે પગ ઊંચકીને પગલું ભરી શકે છે. ત્યાં જ એ જ ક્ષણ પર કવિવર ટાગોર ઊભા છે અને એ સજ્જનને એકલા જ આગળ વધવા કહે છે. એકલો જા ને રે....! ખરેખર તો ટાગોરની આ રચનાનો અનુવાદ મહાદેવ દેસાઈએ કર્યો ત્યારે એમણે આ કૃતિને સ્વતંત્રતાના કલાત્મક ઉદ્ગાન તરીકે જ જોઈ હશે.

હૈયું ખોલીને મનના ગીતનું ગુંજન કરવાનું પણ કવિ એટલે કહે છે કે શક્ય છે કે વરસો કે સદીઓ પછી કોઈક તમારી વાતમાં સંમત થાય. પણ જો એ ગીત ગુંજતું કર્યું હશે તો ફરી કોઈને તમારી જ જેમ ચાલી નીકળવાનું મન થાય તો થાય. આમાં આખા યુગના ફેરા છે. તમે ચાહો છો જે પંથે જવાનું એ જ પંથે જનારા એક કહેતા એક પણ અન્ય સજ્જન ન મળે એનો અર્થ એ તો નથી જ કે તમે ખોટા કે ખોટા રસ્તે છો. આ બહુ મોટી હૈયાધારણ છે. મનુષ્ય એકલો પડી જાય ત્યારે એને પોતાના પર પણ દહેશત જાગે. એ દહેશતનો ટાગોરે નાજુક કલમથી આબાદ શિરચ્છેદ કર્યો છે. કંઈ પણ થાય, પણ તને જો ખરેખર યોગ્ય દિશા મળી જાય તો તું એ જ તરફ જા. તારે જ્યાં જવું જ છે એ પરમ માર્ગ હોય તો તું તારા માર્ગથી વિમુખ ન થા. દુનિયાભરના કોઈ કોઈ અણજાણ એવા હજારો લોકોની સંગાથે કોઈ ન હોય તોય પોતાના વિરલ શબ્દબળે ટાગોર તો છે અને છે જ. ■

# ઘડી ભરમાં શું બની ગયું તે બંનેમાંથી કોઈને ખબર ન પડી



રાગ - વૈરાગ

લઘુનવલકથા
યોગેશ પંડયા

બાદલગઢમાં નવી સવલતોની, હરિયાળી ક્રાંતિ કરવામાં આનંદે ઝુકાવ્યું હતું.

રૂપા ધીરે ધીરે આનંદની મોટી મોટી ભાવુક આંખોમાં અને વાંકડિયા વાળની ઝુલ્ફોમાં ખોવાતી જતી હતી. શરૂઆતના પંદર-વીસ દિવસ સુધી તો તે આનંદને જમવા બેસાડીને પછી પોતે રસોડાના ઉંબરે બેસતી. આનંદની જમવાની રીતભાત, હાવભાવ જોઈને એને રોમાંચ થતો, પણ છેલ્લા પાંચેક દિવસથી તો એ ઉંબરાની બહાર અને આનંદની પાસે જ બેસતી. પોતે પણ ત્યાં જ, તેની સામે જમવા બેસી જતી.

બન્ને સાથે જ જમવા બેસતાં. જમતાં જમતાં આંખો સાથે આંખો ટકરાઈ જતી ત્યારે પોતાની કાયામાં કોઈ અજાણ્યા મહેરામણ ઊછળી જતા.

બે દિવસ પહેલાં તે આગ્રહ કરી રહી હતી. રોટલી પીરસતાં પીરસતાં જ થાળી આડા રહેલા આનંદના હાથને એણે બળપૂર્વક પાછાં ઠેલીને રોટલી પીરસી દીધી. આનંદ હસી પડયો. હમણાં થોડી આળસ અને સમયના અભાવે કપડાં ભેગાં થઈ ગયા. નિશાળે જવાની થોડી વાર હતી એટલે આનંદને થયું કે ધોઈ નાખું. કપડાં લઈને તે નીચે ઊતર્યો. રૂપા રસોઈ કરી રહી હતી. એણે જોયું અને બોલી ઊઠી, 'રહેવા દો, પછી મારી મા મને ખિજાય છે.'

'આજે નહીં ખિજાય. હું કહી દઈશ કે કપડાં તો રૂપા જ ધૂએ છે.'

'આવું ખોટું બોલવાનું?' તેની આંખો ચમકી. આનંદ બાલદી લઈને બાથરૂમમાં ગયો. રૂપાએ કહ્યું, 'જો જો લ્યો, આજ તમને ઠપકો ન અપાવડાવું તો..'

અને સાંજે શાળાએથી છૂટીને ઘરે આવ્યો ત્યારે ચા પીવા નીચે બોલાવીને કંકુબહેને મીઠો ઠપકો આપતાં કહ્યું, 'આનંદભૈ, તમે આ ઘરને પારકું માનો છો?'

'ના રે ના. એવું હોય?'

'તો બસ, તમારા કપડાં તમે ધૂઓ તો મારી દીકરીના તમને સમ છે.'

'અરે અરે બહેન!' આનંદને થયું કે કંકુબહેને મોટી આડ મૂકી દીધી. તેણે રૂપા સામે જોયું. રૂપા લુચ્ચું હસી. કંકુબહેન રસોડામાં ચા મૂકવા ગયા ને એ દરમિયાન રૂપા ચોટલો ગૂંથતી આનંદને ડીંગો બતાવતી હતી. એમાં કપડા ધોવાના ઈજારાને પોતાના હાથમાં ખેંચી લીધાનો રૂઆબ હતો. આનંદે દાંત ભીસ્યા. રૂપાને એ ગમ્યું. ત્યારે જ કંકુબહેન ચા બનાવી, તપેલી લઈને બહાર આવ્યા.

'હવે વાડી જોવા ક્યારે આવવું છે તમારે?' કંકુબહેને ચા પીતાં પીતાં કહ્યું:

'તમે કહો તે દી'.''

'જોઈ છે, આપણી વાડી?'

'જોઈ તો નથી, પણ રૂપા ઘણી વાર ભાત દેવા પાછળના રસ્તેથી જાય છે એ ઘણી વાર જોયું છે પણ એકલો તો..'

'એકલા ક્યાં આવવાનું છે? રવિવારે તો તમારે રજા હોયને? એમ કરજો, રવિવારે તમે ને રૂપા હાલ્યાં આવજો...'

'પણ એક વાત કહું? હું જમવાનું ત્યાં રાખીશ. તમને ગમશેને?' કંકુબહેન હસી પડયાં, 'એ કંઈ ન ગમવા જેવી વાત છે આનંદભૈ, અમને તો એમ કે તમે મોટા માણસોને એમ કેમ કહેવાય નહિંતર તો.'

'એવું મારા માટે જરાય નહીં ધારવાનું કંકુબહેન. આ બુશકોટ-પાટલૂન પહેરી લેવાથી થોડું મોટું થઈ જવાય છે? માણસ મોટો થાય છે વિચારોથી. પૈસાથી નહીં. પૈસો તો હાથનો મેલ છે. હાથનો મેલ ચોળાઈને ઊખડી જાય છે એમ એવી મોટાઈ પણ એક દી' ચાલી જાય છે. કંકુબહેન, માણસની મોટાઈ તેના સારા સંસ્કાર છે.'

'ઈ જ તો આપણી ખાનદાની છે ભાઈ. અમે તો તમને પહેલી જ નજરે નાણી લીધા'તા કે માણસ બહુ ડાહ્યો છે.'કહેતાં કંકુબહેન વાસણ ઊટકવા એક ઢાળિયા તરફ વળ્યાં.

રવિવારે વાડીએ જવાનું પાક્કું થઈ ગયું. આનંદને ગમ્યું. ખાસ તો રૂપા સાથે જવાનું છે એ વાતથી તેના હૃદયમાં અનેરો રોમાંચ થતો ગયો. રવિવાર આવ્યો.

બપોરે સાડાબારે કપડાં ધોઈને સૂકવવા રૂપા મેડા પર આવી ત્યારે આનંદ લાંબો થઈ ગાદલા પર સૂતો હતો. કંઈક વાત કરવાના બહાને તેણે ભીનાં કપડાં ઝાટક્યાં. પાણીના છાંટા આનંદ પર પડ્યા. આનંદ ઊભો થયો. રૂપા છાનું છાનું હસતી હતી. આનંદ પાસે આવ્યો. રૂપાનો શ્વાસોશ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો.

આનંદ નજીક આવ્યો. રૂપાના શ્વાસોશ્વાસ ઝડપથી ચાલવા લાગ્યા. તેને થયુંઃ આનંદ હમણાં અડ્યો કે અડશે. તે બે ડગલા દૂર હટી ગઈ. આનંદ હસી પડતા બોલ્યો, 'ડરી ગઈ ?'

''ના રે ના, અડી તો જુઓ.'

'અડવાનું ક્યાં કહે છે, થોડો મેથીપાકે'ય આપી દઈશ હોં... અમસ્તાય તારા તોફાન વધતા જાય છે.'

'ઈ'તો રહેશે જ હોં.'

'આજે છાંટા ઉડાડ્યા, કાલે પલાળીય દઉં....' ખડખડાટ હસતી રૂપાએ કહ્યું, ઠીક છે, હાલો, હવે આમ કાં બેસી ગયા? હાલો વાડીએ નથી જવાનું? અહીંયા કાંઈ આજ જમવાનું નહીં મળે.'

' ''જમવાની ઉતાવળ નથી પણ લાગે છે કે વરસાદ આવવો જોઈએ..'

''શ્રાવણના સરવડા આવેને જાય. બાને બાપુ ભૂખ્યાં થયા હશે. હું તો હાલી.'

'હાલો ત્યારે બીજું શું?' કહેતો આનંદ ઊભો થયો. રસ્તે ચાલતા થયાં. આગળ રૂપા ને પાછળ આનંદ.!!

..... અચાનક રૂપાના પગ થંભી ગયા. સામેથી અરજણ આવતો હતો. રૂપાએ ઓઢણી સંકોરી લીધી. ચહેરો નીચે ઢાળી દીધો. પલકો નીચે ઝૂકી ગઈ. રસ્તાની એક બાજુ તરી ગઈ. આનંદને નવાઈ લાગી. અરજણ નજીક આવી ઊભો રહ્યો. તીખી નજરે રૂપાને અને આનંદને જોઈ રહ્યો અને પછી ચાલતો થયો. આનંદે તેના તરફ જોયું. અરજણ કંઈક બબડ્યો, આઘે જઈને ઊભો ને પછી ચાલતો થયો.

'એ ગયો?' તેણે આનંદને પૂછ્યું:

'કોણ હતું એ?' આનંદે પાછળ ફરીને જોઈ લીધું.

'મારા કાકાનો દીકરો, અરજણ. આપણા ઘરની પાછળની શેરીમાં રહે છે.'

'ઠીક..'

'આપણને જોઈને કતરાતો'તો'..નહીં??'

'હા મેં જોયું હતું અને પછી કંઈક બબડ્યોય ખરો.' કહેતો આનંદ રૂપાની જોડાજોડ થઈ ગયો.

''એ દાઝે છે, મારાથી. મારું વેવિશાળ એના સાળા વેરે કરવું'તું ને એટલે.'

'નો કર્યું?'

'ગામનો ઉતાર છે એનો સાળો, જેસિંગ ગોરધન.... હેબતપરનો છે. પોલીસના ચોપડે એનું નામ છે.'

'પેલો ચોર તો નહીંને?'

'હા. એ જ ચોરનો દીકરો, ઈ આનો સાળો થાય. એની હારે મારી સગાઈ કરવી'તી ને બાપુ સામે બહુ કાલાવાલા કર્યા, પણ મારા બાપુએ ના પાડી એમાં એને ચરકુ લાગ્યું. એટલે જ બબડતો હશે, પણ આપણે શું? બબડયા કરે.!! બાપુ—બાની પાસે બહુ પાપલિયા પાડયા, પણ મારી બાએ તો ચોખ્ખું જ કહી દીધું કે રોજનું લાવીને રોજ ખાતા હશે એના ઘરે હું મારી દીકરી દઈશ, પણ આવા ચોરટાના ઘરે તો...' કહેતી રૂપા બેચૂક થઈ ગઈ. પગ લથડ્યો. 'એ, એ..' કરતી નીચે ઢળી ગઈ. આનંદ પ્રતિક્ષણ પાછો હટ્યો. માથા પરથી ભાતનું પોટકું નીચે પડી ગયું. રૂપા લડખડી. હેઠે કાળમીંઢ પાણો. રૂપા નીચે જ પડી જાત, પણ એક હાથમાં બરણી ને બીજા હાથે રૂપા આનંદના હાથમાં ઝિલાઈ ગઈ. 'ઓ મા...' કહેતી રૂપાએ એક હાથે આનંદનો ખભો પકડી લીધો ને એના ટેકે જ ઊભી રહી ગઈ, પણ આનંદથી બીજા હાથનું સંતુલન ન રહ્યું. બરણી નીચે પડી ગઈ અને રૂપાના શરીરનો ભાર ઝીલવા બંને હાથ તેણે પહોળા કરવા પડ્યા. આનંદ પણ માંડ માંડ પોતાનું સંતુલન જાળવી શક્યો. હવા થંભી ગઈ. રૂપા શરમથી પાણી પાણી થઈ ગઈ. ઉન્નત ઉરોજ આનંદની વિશાળ છાતીમાં ચંપાયા, ભીંસાયા અને દબાયા. આનંદના બંને હાથ પોતાની પીઠ પર ફેલાઈ ગયા. એક ક્ષણ, બીજી ક્ષણ અને ત્રીજી ક્ષણે રૂપાને પરિસ્થિતિનું ભાન થયું. પોતે હજી આનંદની બાહુપાશમાં જ હતી. શરમથી પાણી પાણી થતી, તેના મુખારવિંદ ઉપર લજ્જા ફરી વળી. જેવી લજ્જા બાથરૂમમાં, બેખબર નહાતી વખતે આનંદે આંચકો મારીને બારણું ખોલ્યા પછી ઉદ્ભવી હતી.

ઘડી ભરમાં શું બની ગયું તે બંનેમાંથી કોઈને ખબર ન પડી. ભાત ઢોળાયુ નહોતું એટલું નસીબ પાધરું.! છાશની બરણીના ઢાંકણાં આડે પ્લાસ્ટિક પેક કરેલું હતું, તેથી છાશ પણ ઢોળાયા વગરની જ રહી ગઈ. બંને ચાલતાં થયાં. હવા ફરી વહેવા લાગી. આનંદના શર્ટ ઉપર રૂપાની આંગળીઓની છાપ પડી હતી તો રૂપાની કુંવારી ગુલાબી પીઠ પર આનંદની હથેળીની અંદરની હસ્તરેખાઓની છાપ પડી ચૂકી હતી. રસ્તો કપાતો હતો. બંને ચાલતાં હતાં. વાડીની નેળ શરૂ થઈ ગઈ.

'આ આપડી વાડીનો મારગ.' રૂપાએ મૌન તોડતાં કહ્યું. ઝાંપલી ઉઘાડી રૂપા ઝાંપલીની વચ્ચોવચ ઊભી રહી.

'અંદર નથી આવવા દેવો કે શું?'

''આ મારી ચૂંદડીનો છેડો બાવળિયામાં ભરાઈ ગયો છે. એને કાઢું છું સમજયા?' કહી એણે છેડો કાઢવાનો પ્રયત્ન કર્યો.

'ઊભી રે, હું કાઢી આપું છું એ તારાથી નહીં નીકળે.'

'ના, મારે નામ નથી ચડાવવું હોં, હું કાઢી લઈશ.'

'ઊભી રે'ને હવે, એક છેડો કાઢતાંય ત્રણ કલાકથી મથે છે.' કહેતાં એણે કાંટામાં ભરાઈ ગયેલો છેડો ખેંચ્યો.

'હળવે.' રૂપા છણકો કરી બેઠી, 'ફાટી જશે હમણાં.''ભલે ફાટી જાય.' 'તમારે તો કહેવું છે ને?'

'બીજી ઓઢણી લઈ દઈશ.' કહેતાં આનંદે તિરછી નજરે રૂપા સામે જોયું.

'ઠીક હવે મૂકો. સારા નથી લાગતા.'

'તારા જેટલો તો ન જ લાગું ને?' કહી એણે છેડો કાઢી દીધો અને પછી ખેંચ્યો પણ ખરો. રૂપા ખેંચાણી, 'તમે તો હવે હદ કરી છે.' કહેતી છેડાને આંચકો મારી ખેંચી લીધો ને પછી બોલી, 'કોઈકનો છેડલો પકડવો હોય ને તો સાવજનું કાળજું જોઈએ. આમ મૂકી દોને તો કોઈ વિશ્વાસ નહીં કરે! છેડો પકડવો એ કીકલાની રમત નથી.' કહેતી છણકો કરી, નીચલો હોઠ દબાવીને ભાગી. (ક્રમશઃ) ■

# જો શરમમાંથી 'શ' કાઢી નાખવામાં આવે તો શેષ વધે 'રમ' !



રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

શરમ નામના શબ્દમાં જ શરમ સમાયેલી હોય તો નવાઈ નહીં. જો શરમમાંથી 'શ' કાઢી નાખવામાં આવે તો શેષ વધે 'રમ' ! રમ.... એટલે મોંઘો વિલાયતી દારૂ ! અત્યારે પણ એવું જ થયું. શાંતુએ શરમ શબ્દમાંથી 'શ' કાઢી નાખ્યો હતો. ને પછી.... ફક્ત રમ.... વધ્યો હતો.

શાંતુનાં લગ્નને હજી તો માત્ર બે જ વર્ષ થયા હતા. દેખાવે હજી તો તે નાની એવી જુવાન છોકરી જ હતી. જો કોઈને ખબર ન હોય કે તેના લગ્ન થઈ ગયા છે તો તેને તો આ છોકરી સાવ કાચી કુંવારી કન્યા જ લાગે. એનો દેખાવ જ એવો હતો. વળી તેના બાવડામાં જોસ પણ એવું હતું કે ન પૂછો વાત....!

મહેશ તો જાણતો જ હતો કે શાંતુ પરિણીત છે. દામલ તેનો પતિ છે. તો પછી આવો ભાવ અને આવી દૈહિક ખુલ્લી ચેષ્ટા મહેશ સાથે શા માટે કરે ? આ પ્રશ્ન મહેશને પણ મૂંઝવી રહ્યો હતો. પરંતુ આ પ્રકારના પ્રશ્નનો જવાબ શાંતુ સિવાય બીજું કોઈ તો આપી જ ન શકે. પછી આવો સળગતો સવાલ શાંતુને પૂછવો કેમ... ?

ક્યારેય કોઈ દિવસ કોઈ છોકરીના હાથનો કે પછી તેના શરીરનો સ્પર્શ જેણે અનુભવ્યો જ ન હોય, અને એકાએક એક પરિણીત એવી યુવાન સ્ત્રીનું ચુંબન અનુભવવું એટલે માનો કે તે એક અલગ પ્રકારનો ભયંકર અકસ્માત જ ગણી શકાય. અત્યારે મહેશને પણ સાચેસાચ આવો જ અકસ્માત થયો હતો. ઊંડે ઊંડે આવો અકસ્માત મહેશને ખૂબ ખૂબ ગમ્યો પણ હતો. તેને હવે ખબર પડી કે કોઈ થનગનતી એવી ભરજોબન જુવાન સ્ત્રીના ચુંબનમાં કેટલી બધી અમાપ શક્તિ ભરેલી હોય છે. એ રસાળ ચુંબનનો સ્વાદ મીઠો હોય કે પછી મધુરો તેની ખબર ન પડે તો કંઈ નહીં, પરંતુ એવા એ સ્વાદમાં સમગ્ર ચેતાતંતુઓને ધ્રુણાવી કે ઝણઝણાટી કરાવી નાખતી તાકાત તો હોય જ છે. એટલે જ મહેશનું આખું અસ્તિત્વ હચમચી ગયું હતું.

બાથરૂમમાં નાહતાં નાહતાં મહેશે તો કંઈ કેટલાય વિચારો કરી લીધા. અંતે શરીર પર ટુવાલ વીંટી તે બાથરૂમમાંથી બહાર નીકળ્યો. રૂમમાં જ મોટો અરીસો હતો તેની સામે ઊભા રહી તેણે તેના નવા વસ્ત્રો પહેરી લીધા. એ હવે સાચે જ તૈયાર થઈ ગયો હતો.

હવે વાત એમ હતી કે રૂમમાંથી બહાર નીકળી બેઠક ખંડમાં જવું કેમ ? સાચે જ ખૂબ જ શરમ થતી હતી. થતું હતું કે ત્યાં આગળ ભાભી પાછા આવે તો? હજી પણ મહેશ ખૂબ ખૂબ શરમાતો હતો. છતાં પણ થોડા ગભરાટ સાથે બિલ્લી પગે ચાલીને તે બેઠકખંડમાં પહોંચ્યો. સોફા પર બેસી બાજુમાં પડેલું પેપર તેણે હાથમાં પકડયું. એ સાથે જ તેની નજર પેપરમાં છપાયેલા મોટા અક્ષરો પર ફરવા લાગી : ' દિયર અને ભાભીના આડા સંબંધોનો કરૂણ અંજામ...' આવું વાંચતા તે ખૂબ જ ધ્રુજ્યો.

બરાબર આ સમયે હાથમાં ચા નો કપ પકડી શાંતુ દાખલ થઈ, એટલે ઝડપથી તેની સામે જોઇને મહેશે તેની નજર પેપરમાં પરોવી દીધી. આવું જોઈ શાંતુ તરત જ બોલી : '' પેપર તો પછી પણ વંચાશે... મહેશ, પહેલાં તું ગરમ ગરમ ચા પી'લે. ચા પીવાથી તારી ચુસ્તી ભાગી જશે, સાથે સાથે તારી આંખો પણ ઊઘડી જશે...''

આવું સાંભળી મહેશે તરત જ પેપરને એકબાજુ મૂક્યું અને ચાનો કપ લેવા હાથ લંબાવ્યો. કપ લેતાની સાથે શાંતુની આંગળીનો ભીનો મજાનો સ્પર્શ થયો. મહેશે શાંતુ સામે નજર મેળવી. ત્યાં તો એ જ ભર્યુ ભર્યુ શાંતુના હોઠ પરનું સ્મિત ફૂલની જેમ ખીલી પડયું. ને શાંતુ તરત બોલી : ''જો મહેશ...તું હવે શરમ રાખીશ તો કેમ ચાલશે ? આજ નહી તો કાલે... મારી શરમ તો તારે છોડવી જ પડશે ! કારણ કે હું તો તારી ભાભી છું...''

''હા.... ભાભી !'' અનાયાસે મહેશ ગભરાતા ગભરાતા આટલુ તો માંડ માંડ બોલી શક્યો.

સમય અને સંજોગો બસ આવી રીતે ગોળ-ગોળ ફર્યા કરે છે. માણસના હાથની આ વાત નથી. ગમે તેવો મજબૂત માણસ સમય અને સંજોગો પાસે લાચાર બની જઈ હારી જાય છે. આવું જ કંઈક આટલી નાની ઉંમરમાં મહેશને થયું. એ કંઈ સમજી નહોતો શક્યો. એકલો રૂમમાં હોય ત્યારે રોમાન્સની વાર્તામાં આવતા પાત્રોથી કે તેની યાદ માત્રથી હવે તો તેના શરીરના નાજુક અવયવો ખૂબ જ ઉત્તેજિત થવા લાગતા હતા, આવું થતા તેને છૂપો આનંદ તો થતો જ એ પણ સાચું. પરંતુ આજ દિવસ સુધી કોઈ યુવાન સ્ત્રીનું સાવ ખુલ્લું શરીર તેણે કદીપણ જોયું ન હતું. હા, ચિત્રમાં જોયું હતું. પરંતુ આજે તો શાંતુ ભાભીનું અર્ધુ શરીર સાવ જ ખુલ્લું ખુલ્લું તેણે નરી આંખોએ જોયું હતું. આ તે કેવું થયું... ?

કોઈપણ સ્ત્રીનાં કે પછી છોકરીના નાનાં કે મોટા સ્તનની સ્મૃતિ માત્રથી હવે તો મહેશના શરીરમાં રીતસર ઝણઝણાટી આવતી જ. શાતુ ભાભીના ગોરાં ગોરાં દૂધ જેવા ઉજળાં ને અર્ધાં ખુલ્લા-ખુલ્લા અવયવોનો ઉભાર તો તેણે જોયો હતો, એટલે તો મહેશ હવે વિચારતો હતો. (ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## ગઝની, ખિલજી, ઔરંગઝેબ આયે ઔર ચલે ગયે, ભોલે બાબા કે આગે, પાપી સારે રાખ હુએ : પ્રધાનમંત્રીએ વીડિયો શેર કર્યો

# પીએમ મોદી આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે

**પ્રધાનમંત્રી આજે "સોમનાથ સ્વાભિમાન પર્વ"માં ભાગ લેશે**

ન્યુ દિલ્હી,તા.૧૦

સોમનાથ મંદિર આજથી "સોમનાથ સ્વાભિમાન પર્વ" ઉજવી રહ્યું છે. ઈ.સ.૧૦૨૬માં મહમૂદ ગઝનવીના સોમનાથ મંદિર પરના હુમલાની ૧૦૦૦મી વર્ષગાંઠ નિમિત્તે આ ઉત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦-૧૧ જાન્યુઆરીએ ગુજરાતના સોમનાથની મુલાકાત લેશે અને "સોમનાથ સ્વાભિમાન પર્વ" માં ભાગ લેશે. તેઓ ઓમકાર મંત્રનો જાપ કરશે અને પછી સોમનાથ મંદિરમાં ડ્રોન શો જોશે. તેમની મુલાકાત પહેલા, PM મોદીએ સોમનાથ મંદિરનો એક વીડિયો શેર કર્યો, જે તેના ભવ્ય અને ઐતિહાસિક સ્વરૂપને દર્શાવે છે. આ વીડિયોમાં પ્રખ્યાત ગાયક હંસરાજ રઘુવંશીના અવાજમાં દિલને સ્પર્શી જતું ગીત પણ છે. વીડિયોમાં ગીતના શબ્દોમાં લખ્યું છે: ગઝની, ખિલજી, ઔરંગઝેબ આયે આકર ચલે ગયે, પર ભોલે બાબા કે આગે, પાપી સારે રાખ હુએ. અંત નહીં હૈ, જિસકા ઔર કોઈ નહીં હૈ શરૂઆત, સૃષ્ટિ કે કણ-કણમેં બસતા વો હૈ શંભુ પ્રાણનાથ...! વીડિયો શેર કરતા, પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું,



"ભગવાન શ્રી સોમનાથ બ્રહ્માંડના કણ-કણમાં વસે છે. તેમની અખંડ આસ્થા અનાદિકાળથી સતત વહેતી રહી છે." તેઓ હંમેશા ભારતની આધ્યાત્મિક ઊર્જાનું પ્રતીક રહેશે. સોમનાથની મુલાકાત અંગે, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, 'સોમનાથ સ્વાભિમાન પર્વ આપણી આધ્યાત્મિક પરંપરાનું એક શક્તિશાળી પ્રતીક છે, જે દેશભરમાં સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિ અને આનંદ સાથે ઉજવવામાં આવી રહ્યું છે.' આ સંદર્ભમાં, તમને સોમનાથ મંદિરમાં ઓમકાર મંત્રના દિવ્ય જાપમાં ભાગ લેવાનો લહાવો મળશે. આ દિવસે, સવારે લગભગ ૯:૪૫ વાગ્યે, ભારત માતાના અસંખ્ય બહાદુર સપૂતોને સમર્પિત શૌર્ય યાત્રામાં હાજરી આપ્યા પછી, હું મંદિરમાં દર્શન કરીશ અને પૂજા કરીશ. આ પછી, મને અહીં એક જાહેર કાર્યક્રમમાં ભાગ લેવાની તક પણ મળશે. સ્વતંત્રતા પછી, મંદિરના પુનઃસ્થાપનના પ્રયાસોનું નેતૃત્વ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુનર્જીવન યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ૧૯૫૧માં આવ્યું, જ્યારે પુનઃસ્થાપિત સોમનાથ મંદિરને તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની હાજરીમાં તેને ભક્તો માટે સત્તાવાર રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ૨૦૨૬માં આ ઐતિહાસિક પુનઃસ્થાપનની ૭૫મી વર્ષગાંઠ "સોમનાથ સ્વાભિમાન પર્વ" ના વિશેષ મહત્વને વધુ વધારશે. આ કાર્યક્રમમાં દેશભરમાંથી સેંકડો સંતો ભાગ લેશે.

# અમેરિકા ભારતને વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાની મંજૂરી આપવા તૈયાર

વોશિંગ્ટન,તા.૧૦

ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારી અનુસાર, અમેરિકા ભારતને તેની દેખરેખ હેઠળ વેનેઝુએલા પાસેથી તેલ ખરીદવાની મંજૂરી આપવા તૈયાર છે. મીડિયા રિપોર્ટ અનુસાર, એનાથી અમેરિકી પ્રતિબંધોને કારણે અટકેલો વેપાર ફરી શરૂ થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા ભારતની વિશાળ અને વધતી ઊર્જા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી ફરી શરૂ કરવાની મંજૂરી આપવા



તૈયાર છે. બાકીની વિગતો પર હજુ કામ ચાલી રહ્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ભારતની અગ્રણી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પણ અમેરિકા પાસેથી વેનેઝુએલા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાની મંજૂરી માગવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. બીજી તરફ ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસમાં વિશ્વની મોટી તેલ કંપનીઓના ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી. અહીં તેમણે વેનેઝુએલાના તેલક્ષેત્રમાં લગભગ ૯ લાખ કરોડ રૂપિયાના રોકાણની વાત કરી. અમેરિકી ઊર્જામંત્રી-વેનેઝુએલાનું તેલ તમામ દેશોને વેચવા માટે તૈયાર છે. અમેરિકી ઊર્જામંત્રી ક્રિસ્ટોફર રાઈટે તાજેતરમાં કહ્યું હતું કે અમેરિકા હવે વેનેઝુએલાનું તેલ લગભગ તમામ દેશોને વેચવા માટે તૈયાર છે, પરંતુ આ બધું અમેરિકી સરકારના નિયંત્રણમાં રહેશે. તેમણે ફોક્સ બિઝનેસને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'અમે તેલને ફરીથી દુનિયા માટે ખોલી રહ્યા છીએ, પરંતુ એને અમેરિકી સરકાર વેચશે અને તેનો નફો અમેરિકી સરકારના ખાતામાં આવશે.' ટ્રમ્પે એક્સોન મોબીલ, કોનોકોફિલિપ્સ, શેવરોન જેવી મોટી અમેરિકી કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી. તેમણે કહ્યું હતું કે અમેરિકા નક્કી કરશે કે કઈ કંપનીઓ વેનેઝુએલામાં જશે અને રોકાણ કરશે. શેવરોનના વાઈસ-ચેરમેન માર્ક નેલ્સને કહ્યું હતું કે તેમની કંપની વેનેઝુએલામાં રોકાણ કરવા પ્રતિબદ્ધ છે અને એ હજુ પણ ત્યાં કામ કરી રહી છે.

# અયોધ્યાના રામ મંદિરમાં કાશ્મીરીએ નમાઝ પઢવાનો પ્રયાસ કરતા પોલીસે ઝડપી લીધો

અયોધ્યા,તા.૧૦

અયોધ્યાના રામ મંદિરમાં એક ૫૫ વર્ષના કાશ્મીરી વ્યક્તિએ નમાઝ પઢવાનો પ્રયાસ કર્યો. જેવું તેણે નમાઝ પઢવા માટે કપડું પાથર્યું, ત્યાં હાજર સુરક્ષાકર્મીઓએ તેને પકડી લીધો. ત્યારબાદ તે સૂત્રોચ્ચાર કરવા લાગ્યો હતો. પૂછપરછમાં તેણે પોતાનું નામ અબુ અહમદ શેખ જણાવ્યું. તે કાશ્મીરના શોપિયાંનો રહેવાસી છે. જાણ થતા જ સુરક્ષા એજન્સીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રામ મંદિર પરિસરમાં બનેલા પોલીસ કંટ્રોલ રૂમમાં અબુ અહમદ શેખની પૂછપરછ કરવામાં આવી રહી છે કે તે અયોધ્યા કેમ આવ્યો હતો? તેણે જે નિવેદનો આપ્યા છે, તેને ક્રોસ-ચેક કરવા માટે રામ મંદિર પથ અને રેલવે સ્ટેશનના CCTV ફૂટેજ જોવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ શંકાસ્પદ વ્યક્તિ બિહાર થઈને યુપી અને પછી અયોધ્યા પહોંચ્યો હતો. જોકે, શરૂઆતમાં મંદિર કેમ્પસમાંથી ૩ લોકો પકડાયા હોવાની માહિતી મળી હતી, પરંતુ અયોધ્યાના SSP ગૌરવ ગ્રોવરે જણાવ્યું કે- અમારી પાસે ૧ જ વ્યક્તિ છે. તે નમાઝ પઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો. સિક્યુરિટી ગાર્ડે તેને પકડી લીધો છે.

# રાજુલાના વિકટર ગામે હેલ્થ કચેરીમાં આગ, દવાનો જથ્થો બળીને ખાખ

અમરેલી,તા.૧૦

રાજુલા તાલુકાના વિકટર ગામે આવેલી બ્લોક હેલ્થ કચેરીમાં આજે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં કચેરીમાં રહેલો દવાનો જથ્થો તેની ઝપેટમાં આવી ગયો હતો. આગ લાગતાની સાથે જ કચેરી પરિસરમાં અફડાતફડીનો



માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટનાની જાણ થતા

**ફાયર ફાઈટરની ટીમે ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી**

જ રાજુલા ફાયર વિભાગ અને ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. જેને પગલે મોટી હોનારત ટળી હતી.

# સુરતથી બેંગકોક જઈ રહેલા બે યુવાન ૬ કરોડના હીરા સાથે ઝડપાયા

સુરત,તા.૧૦

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી એકવાર ડાયમંડ સ્મગલિંગના મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સના અધિકારીઓએ બાતમીના આધારે કાર્યવાહી કરીને બેંગકોક જઈ રહેલા બે યુવાનની ધરપકડ કરી છે. આ યુવાનો પાસેથી અંદાજે ૬ કરોડ રૂપિયાની કિંમતના પોલિશ્ડ ડાયમંડ અને ૩૦ હજાર અમેરિકન ડોલર મળી આવ્યા હતા. અધિકારીઓએ શંકાના આધારે બંનેને અટકાવી તપાસ કરતા તેમની બેગમાંથી આ કિંમતી



જથ્થો મળી આવ્યો હતો, જેને હાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, DRIને ચોક્કસ બાતમી મળી હતી કે બે યુવાનો મોટી માત્રામાં કિંમતી હીરા અને વિદેશી ચલણ લઈને બેંગકોક જવાની ફિરાકમાં છે. આ બાતમીના આધારે સુરત એરપોર્ટ પરિસરમાં વોચ ગોઠવવામાં આવી હતી. જેવા બંને યુવાન એરપોર્ટ પર પહોંચ્યા, અધિકારીઓએ તુરંત જ તેમને કોર્ડન કરી લીધા હતા. તેમની પાસે રહેલી બેગની તલાશી લેતા અંદરથી ચાલાકીપૂર્વક છુપાવેલા હીરાના પેકેટ અને ડોલરની નોટો મળી આવી હતી. બંને યુવાન પાસેથી ૩-૩ કરોડના હીરા અને ૧૫-૧૫ હજાર ડોલર જપ્ત કરાયા છે.

## બે પાઈલોટને પણ ઈજા પહોંચી, તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવારમાં ખસેડાયા

# ઓડિશાના રાઉરકેલામાં ૯ સીટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા મુસાફરોને ઈજા

રાઉરકેલા,તા.૧૦

ઓડિશાના રાઉરકેલામાં શનિવારે બપોરે એક ૯ સીટર ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. ઈન્ડિયા વન એરના ચાર્ટર વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ તેનું ક્રેશ લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં ૬ લોકો સવાર હતા, જેમાં ૪ મુસાફરો




અને ૨ પાઈલટ સામેલ છે. તમામ લોકો ઘાયલ થયા છે અને કેટલાકને ગંભીર ઈજાઓ પહોંચી છે. અધિકારીઓએ જણાવ્યું કે ફ્લાઈટ ભુવનેશ્વરથી રાઉરકેલા આવી રહી હતી. ક્રેશની આ ઘટના રાઉરકેલાથી ૧૦ કિમી દૂર જાલ્દા વિસ્તારમાં બની હતી. ક્રેશની જે તસવીરો સામે આવી છે, તેમાં જોવા મળી રહ્યું છે કે VT KSS પ્લેનનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત થયો છે અને તેની પાંખોને પણ નુકસાન થયું છે. ઓડિશાના વાણિજ્ય અને પરિવહન મંત્રી બી.બી. જેનાએ જણાવ્યું કે A-1 કેટેગરીનું પ્રાઈવેટ વિમાન ક્રેશ થયું છે. આમાં પાઈલટ સહિત ૬ લોકો સવાર હતા. તમામને ઈજાઓ થઈ છે અને તેમની સારવાર ચાલી રહી છે, હાલ તમામ લોકો જોખમથી બહાર છે. આ ઘટનાની જાણકારી DGCAને આપવામાં આવી છે.

# ઈન્દોરના મહુમાં ૭ વાહનો એકબીજા સાથે અથડાતા મુંબઈ-આગ્રા હાઈવે બંધ

ઈન્દોર,તા.૧૦

ઈન્દોરના મહુમાં ૭ વાહનો એકબીજા સાથે અથડાયા હતા. ટ્રક અને ગેસ-ટેન્કર કાર પર ચડી ગયા. આ અકસ્માત શનિવારે સવારે માનપુર ભેરુ ઘાટ પર થયો હતો. નજરે જોનારે જણાવ્યું હતું કે ઘાટ સેક્શનમાં જ્યાં અકસ્માત થયો ત્યાં લગભગ બે કિલોમીટર સુધી ઢાળ છે. ઢાળ પરથી પૂરપાટ ઝડપે એક ટ્રક પસાર થઈ રહ્યો હતો, જે બેકાબૂ થઈ ગયો અને આગળ ચાલી રહેલા આઈસર વાહનમાં ઘૂસી ગયો. આઈસરને ટક્કર લાગી તો એ આગળ કાર સાથે અથડાઈ ગયું. પછી એક કાર



અને પિકઅપમાં ટક્કર થઈ હતી. માનપુર પોલીસ સ્ટેશનના પ્રભારી લોકેન્દ્ર હિહોરે જણાવ્યું હતું કે વાહનોમાં ટક્કર થઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે હાલમાં કોઈ જાનહાનિ થઈ નથી.

# જમ્મુના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે હથિયારોનો જથ્થો ઝડપાયો

જમ્મુ,તા.૧૦

ગણતંત્ર દિવસ પહેલા જમ્મુમાં હિંસા ફેલાવવાના રિપોર્ટ્સ વચ્ચે સુરક્ષા દળોએ શનિવારે જમ્મુના સાંબા જિલ્લામાં ઈન્ટરનેશનલ બોર્ડર પાસે એક ફોરવર્ડ વિસ્તારમાંથી હથિયારોનો જથ્થો ઝડપ્યો છે. આશંકા છે કે, હથિયારોનો આ જથ્થો પાકિસ્તાની ડ્રોન દ્વારા અહીં ફેંકવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, પાકિસ્તાનને અડીને આવેલી



આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે BSFને હથિયારોનો જથ્થો મળ્યો હતો. જેમાં બે પિસ્તોલ, ત્રણ મેગઝીન, ૧૬ રાઉન્ડ અને એક ગ્રેનેડનો સમાવેશ થાય છે. આતંકવાદીઓ દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે કોઈ કાર્યક્રમને નિષ્ફળ કરવાના પ્રયાસની શંકાને ધ્યાનમાં રાખીને વધારવામાં આવેલી સુરક્ષા દરમિયાન આ જથ્થો મળી આવ્યો હતો. બોર્ડર નજીકના વિસ્તારમાં એક ડ્રોનની શંકાસ્પદ હરકતની જાણકારી મળતાં BSF અને જમ્મુ-કાશ્મીર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે શુક્રવારની મોડી રાત સુધી ધગવાલના પાલૂરા ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન એક નાળાના કિનારે એક પેકેટ મળી આવ્યું હતું.


# દેશની પોલીસને ૨૦ વર્ષથી હંફાવનાર રહેમાન ડકેત સુરત પોલીસના હાથે ઝડપાયો

સુરત,તા.૧૦

સુરત ક્રાઈમ બ્રાન્ચે દેશભરની પોલીસને ૨૦ વર્ષથી હંફાવી રહેલા કુખ્યાત 'ઈરાની ડેરા'ના માસ્ટરમાઈન્ડ અને આંતરરાજ્ય ગેંગના સરદાર આબીદ અલી ઉર્ફે રાજુ ઉર્ફે રહેમાન ડકેતને લાલગેટ વિસ્તારમાંથી ગુપ્ત ઓપરેશનમાં ઝડપી પાડ્યો છે. ૧૪ રાજ્યોમાં ગુનાખોરીના નેટવર્કના સરદાર તરીકે ઓળખાતો રાજુ ઈરાની




એ નકલી CBI અધિકારી, સાધુ-બાવાના વેશમાં લૂંટ, જીવતા સળગાવવાના પ્રયાસ અને MCOCA જેવા કડક કાયદા હેઠળના ગુનાઓ સાથે ૨૦ વર્ષથી વધુ સમયથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. ભોપાલના 'ઈરાની ડેરા'માંથી ગેંગને ઓપરેટ કરતો આ ડકેત લૂંટના પૈસાથી લક્ઝરી કારો, મોંઘી સ્પોર્ટ્સ બાઈક અને અરબી ઘોડાનો શોખ પૂરો કરતો હતો. સુરત પોલીસે પૂર્વ બાતમીના આધારે આ 'મોસ્ટ વોન્ટેડ' ગુનેગારને કોઈ ગોળીબાર વગર દબોચી લીધો છે, જેનાથી દેશભરમાં ફેલાયેલ આ ખતરનાક ગેંગની કમર તૂટી ગઈ છે અને અનેક વર્ષોથી વણઉકેલાયેલા ગુનાઓના રહસ્યો ખુલવાની શરૂઆત થઈ છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
सोमनाथ स्वाभिमान पर्व
अटूट आस्था के 1000 वर्ष
"વર્ષ 1026 ના એક હજાર વર્ષ પછી આજે 2026 માં પણ સોમનાથ મંદિર દુનિયાને સંદેશ આપી રહ્યું છે કે, મિટાવી દેવાની માનસિકતા ધરાવનારાઓ ખતમ થઈ જાય છે, જ્યારે સોમનાથ મંદિર આજે આપણા વિશ્વાસનો મજબૂત આધાર બનીને અડીખમ ઊભું છે."
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
11મી જાન્યુઆરીના વિશેષ કાર્યક્રમ
સવારે 10 વાગે, સોમનાથ મંદિર માટે અગણિત વીરોના અદમ્ય શૌર્ય અને બલિદાનની સ્મૃતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી શૌર્ય યાત્રા
સવારે 10:30 વાગે, શૌર્ય સભામાં વડાપ્રધાનશ્રીનું વિશેષ સંબોધન
મહાભિષેક | મહાઆરતી
સવારે 10 વાગે ડીડી ન્યૂઝ ઉપર જીવંત પ્રસારણ